| | |
|---|---|
| GJGS010001362025 | દાખલ તારીખ : ૧૨.૦૨.૨૦૨૫<br>નિર્ણય તારીખ : ૩૧.૦૮.૨૦૨૬<br>સમયગાળો: વર્ષ–૦૧, માસ–૦૬, દિવસ–૧૯ |

=====================================================

**FORM-A**

| | |
|---|---|
| **ગીર સોમનાથ જિલ્લાના સેશન્સ જજશ્રીની કોર્ટમાં, મુ. વેરાવળ**<br>**આંક–**<br>**(જજમેન્ટ તારીખ : ૩૧/૦૮/૨૦૨૬)**<br>**સેશન્સ કેસ નં.૦૭/૨૦૨૫**<br>**(વેરાવળ સીટી પો. સ્ટે. ના. ગુ. રજી. નં.૧૧૧૮૬૦૦૯૨૩૦૨૮૪/૨૦૨૩, ઇ. પી. કોડની કલમ–૪૨૯, ૨૯૫, ૧૧૪ તથા પશુ સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪ (સુધારા અધિનિયમ–૨૦૧૭) ની કલમ–૫ (૧), ૬ (ખ) (૧), ૮(૧), ૮(૨), ૮(૪) તથા પશુ ઘાતકીકરણ–૧૯૬૦ ની કલમ–૧૧(એલ)(૧) તથા ધી પ્રાણી ક્રુરતા નિવારણ (કતલખાના) નિયમો–૨૦૦૧ નો નિયમ–૩ તથા જી. પી. એકટની કલમ–૧૧૯** | |
| **ફરીયાદી** | શ્રી સરકાર<br>મુળ ફરીયાદી શ્રી લખધીરભાઇ લખમણભાઇ પરમાર, અનાર્મ એ. એસ. આઇ. વેરાવળ સીટી પો. સ્ટેશન. |
| **ફરીયાદપક્ષ તરફે** | શ્રી જે. ડી. પાઠક |
| **આરોપી નં. ૧** | **આયશાબેન વા/ઓ જુમાભાઇ ઇસ્માઇલભાઇ સીપીચા,** ઉ. વ. ૫૦, ધંધો. માસ મટનનો, રહે. વેરાવળ, ભાલકા કોલોની તા. વેરાવળ જી. ગીર સોમનાથ. |
| **આરોપી નં. ૨** | **મુસ્તાક ઉર્ફે સીદીકભાઇ અલ્લારખાભાઇ ચૌહાણ** ઉ. વ. ૩૮, ધંધો. ખાટકી, રહે. પ્રભાસ પાટણ, ચોગાન ચોક, ખાટકી વાડા, તા. વેરાવળ જી. ગીર સોમનાથ. |
| આરોપીઓ તરફે | વિ. વ. શ્રી બી. એમ. સુમરા |

**FORM-B**

| | |
|---|---|
| **ગુનો બન્યાની તારીખ** | ૨૦.૦૪.૨૦૨૩ |

| | |
|---|---|
| **એફ. આઇ. આર. ની તારીખ** | ૨૦.૦૪.૨૦૨૩ |
| **ચાર્જશીટ કર્યાની તારીખ** | ૨૫.૦૬.૨૦૨૩ |
| **તહોમતનામું ફરમાવ્યાની તારીખ** | ૧૭.૦૨.૨૦૨૫ |
| **પુરાવો નોંધવાની શરૂઆત કર્યાની તારીખ** | ૧૪.૧૦.૨૦૨૫ |
| **ચુકાદો અનામત રાખ્યાની તારીખ** | ૩૧.૦૮.૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૩૧.૦૮.૨૦૨૬ |
| **સજાનો હુકમ ફરમાવ્યા તારીખ, જો હોય તો** | – |

## આરોપીઓની વિગત

| આરોપીનો રેન્ક | આરોપીનું નામ | ધરપકડ કર્યાની તારીખ | જામીન મુકત કર્યાની તારીખ | આરોપી સામે ગુનાનુ તહોમત | નિર્દોષ કે દોષિત | ફરમાવેલ સજા | ક્રિ. પ્રો. કોડની કલમ–૪૨૮ અન્વયે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન અટકાયતમા પસાર કરેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **આયશાબેન વા/ઓ જુમાભાઇ ઈસ્માઇલભાઇ સીપીચા** | ૨૭.૪.૨૩ | ૧૯.૯.૨૩ | IPC–૪૨૯ વિગેરે | આખરી હુકમ મુજબ | – | ૨૭.૪.૨૩ થી ૧૯.૯.૨૩ |
| ૨ | **મુસ્તાક ઉર્ફે સીદીકભાઇ અલ્લારખાભાઇ ચૌહાણ** | '' | ૨૧.૭.૨૩ | '' | '' | – | ૨૭.૪.૨૩ થી ૨૧.૭.૨૩ |

## FORM-C

## ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટ સાહેદોનું લીસ્ટ

### (એ) ફરીયાદપક્ષે સાહેદોનું લીસ્ટ :–

| ક્રમ | આંક | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૧૭ | વલીમહમદ સીદીકભાઇ પરમાર | આરોપીઓના અટક પંચનામાના પંચ સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ૧૯ | અસ્લમમીયા અસરફમીયા સૈયદ | રેઈડ પંચનામાના પંચ સાહેદ |
| ૩ | ૨૧ | સેહજાદ મકસુદભાઇ બ્લોચ | રેઈડ પંચનામાના બીજા પંચ સાહેદ |
| ૪ | ૨૨ | એજાજભાઇ ઇબ્રાહીમભાઇ ચૌહાણ | આરોપીઓના અટક પંચનામાના બીજા પંચ સાહેદ |
| ૫ | ૨૩ | કંચનબેન વજુભાઇ રાઠોડ | પી. એસ. ઓ. |
| ૬ | ૨૫ | અનિરૂધ્ધસિંહ જયવતસિંહ રાયજાદા | રેડીંગ પાર્ટીનો સભ્ય |
| ૭ | ૨૬ | વિપુલકુમાર રામસિંહભાઇ રાઠોડ | '' |
| ૮ | ૩૮ | દીનેશભાઇ ભીમજીભાઇ જેઠવા | ઇ/ચા સેનેટરી ઇન્સ્પેકટર |
| ૯ | ૪૨ | લખધીરભાઇ લખમણભાઇ પરમાર | ફરીયાદી તથા ત. ક. અધિકારી |

(બી) **બચાવપક્ષે સાહેદોનું લીસ્ટ :–**

| **ક્રમ** | **આંક** | **સાહેદનું નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|---|
| – | – | – | – |

(સી) **કોર્ટ સાહેદોનું લીસ્ટ :–**

| **ક્રમ** | **આંક** | **સાહેદનું નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|---|
| – | – | – | – |

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :–**

**એ– ફરીયાદપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :–**

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજનું વર્ણન** |
|---|---|---|
| ૧ | ૧૮ | આરોપીઓનુ અટક પંચનામુ |
| ૨ | ૨૦ | રેઈડ અંગેનુ પંચનામુ |
| ૩ | ૨૪ | વર્ધીની ખરીનકલ |
| ૪ | ૩૯ | ગૌમાંસનો નાશ કરવા માટેની યાદી |

| | | |
|---|---|---|
| ૫ | ૪૦ | ગૌમાંસનો નાશ કર્યાની પહોંચ |
| ૬ | ૪૩ | એફ. આઇ. આર. |
| ૭ | ૪૪ | ફરીયાદ |
| ૮ | ૪૫ | ગુનો રજીસ્ટર કરવા માટેની યાદી |
| ૯ | ૪૬ | ગુના સંબંધે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા માટેની યાદી |
| ૧૦ | ૪૭ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ |
| ૧૧ | ૪૮ | ગૌમાંસનુ પરીક્ષણ કરવા એફ. એસ. એલ. ને કરેલ યાદી |
| ૧૨ | ૪૯ | એફ. એસ. એલ. રાજકોટનો અહેવાલ |
| ૧૩ | ૫૦ | ડેપ્યુટ હુકમ |

**બી– બચાવપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :–**

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજનું વર્ણન** |
|---|---|---|
| – | – | – |

**સી– કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :–**

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજનું વર્ણન** |
|---|---|---|
| – | – | – |

## મુદ્દામાલની વિગત

## મુદ્દામાલ પાવતી નંબર–૬૦/૨૦૨૩

| **ક્રમ** | **આર્ટીકલ નંબર** | **મુદ્દામાલની વિગત** |
|---|---|---|
| ૧ | – | એક પ્લાસ્ટીકના કેરેટમાં ભરેલ ભેંસના માસ મટનના ગૌમાંસના મટનનો જથ્થો |

## :: ઠ રા વ ::

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગઇ તારીખ ૨૦/૦૪/૨૦૨૩ ના કલાક–૧૮/૦૦ વાગ્યે વેરાવળ સોમનાથ ટોકિઝ વિસ્તારમાં કિરમાણી નગરમા આ કામના આરોપી

નંબર (૧) આયશાબેન વા/ઓ જુમાભાઇ ઇસ્માઇલભાઇ સીપીયાનાઓએ ગેરકાયદેસર રીતે પોતાના કબજામાં હિન્દુ ધર્મની લાગણી દુભાય તે રીતે ગૌવંશ માસ મટનનો જથ્થો ભરેલ પ્લાસ્ટીકનુ કૅરેટ નંગ–૧ જેમા ગૌમાસ મીક્ષ મટન આશરે ૧૨ કિ.ગ્રા. જેની કુલ કિ.રૂ. ૧૮૦૦/– ના મુદામાલ સાથે મળી આવી તથા આ ગૌમાસ મીક્ષ મટન મુદામાલ આરોપી નંબર (૨) મુસ્તાક ઉર્ફે સીદીકભાઈ અલ્લારખાભાઈ ચૌહાણનાઓએ પુરો પાડી, એકબીજાએ ગુન્હો કરવામાં મદદગારી કરી, ઇ. પી. કોડની કલમ–૪૨૯, ૨૯૫, ૧૧૪ તથા પશુ સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪ (સુધારા અધિનિયમ–૨૦૧૭) ની કલમ–૫ (૧), ૬ (ખ) (૧), ૮(૧), ૮(૨), ૮(૪) તથા પશુ ઘાતકીકરણ–૧૯૬૦ ની કલમ–૧૧(એલ)(૧) તથા ધી પ્રાણી ક્રુરતા નિવારણ (કતલખાના) નિયમો–૨૦૦૧ નો નિયમ–૩ તથા જી. પી. એકટની કલમ–૧૧૯ મુજબનો ગુનો વેરાવળ સીટી પો. સ્ટે.ના ગુ. રજી. નં. ૧૧૧૮૬૦૦૯૨૩૦૨૮૪/૨૦૨૩ થી દાખલ કરવામાં આવેલ છે.

**(૨)** આરોપીઓ વિરૂઘ્ધ ઉપરોકત ગુના અંગેની ફરીયાદ દાખલ થતા તપાસ એજન્સી ઘ્વારા જરૂરી અને યોગ્ય તપાસ કરી આરોપીઓ વિરૂઘ્ધ ઇ. પી. કોડની કલમ–૪૨૯, ૨૯૫, ૧૧૪ તથા પશુ સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪ (સુધારા અધિનિયમ–૨૦૧૭) ની કલમ–૫ (૧), ૬ (ખ) (૧), ૮(૧), ૮(૨), ૮(૪) તથા પશુ ઘાતકીકરણ–૧૯૬૦ ની કલમ–૧૧(એલ)(૧) તથા ધી પ્રાણી ક્રુરતા નિવારણ (કતલખાના) નિયમો–૨૦૦૧ નો નિયમ–૩ તથા જી. પી. એકટની કલમ–૧૧૯ મુજબના શિક્ષા પાત્ર ગુના અંગે પૂરતો પુરાવો મળી આવતો હોઈ આરોપીઓ વિરૂઘ્ધ સદરહુ ગુના અંગે વિ. એડી. ચીફ જયુડી.મેજી.શ્રીની કોર્ટ, વેરાવળ ખાતે કિ. પ્રો. કોડ કલમ–૧૭૩ અન્વયે ચાર્જશીટ કરેલ, જેનો ફોજદારી કેસ નં. ૧૫૯૦/૨૦૨૩ પડેલ. ત્યારબાદ હાલના ગુના સબબનું કામ ચલાવવાની સત્તા વિ.એડી. ચીફ જયુડી.મેજી. કોર્ટ, વેરાવળને ન હોઈ સદરહુ કામ અત્રેની કોર્ટમાં કમીટ થઈને આવતા, તે રજીસ્ટરે લઈ, આરોપીઓને સમન્સ કાઢતા, જેની બજવણી આરોપીઓને થઈ જતા, આરોપીઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલ. ત્યારબાદ કિ.પ્રો. કોડ કલમ–૨૦૭ અન્વયે ફરીયાદપક્ષના પોલીસ પેપર્સની નકલો આરોપીઓને વિના મૂલ્યે પૂરી પાડેલ છે.

(૩) ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ ક્રિ. પ્રો. કોડ કલમ–૨૨૮ હેઠળ આંક–૦૬ થી ઈ. પી. કોડની કલમ–૪૨૯, ૨૯૫, ૧૧૪ તથા પશુ સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪ (સુધારા અધિનિયમ–૨૦૧૭) ની કલમ–૫ (૧), ૬ (ખ) (૧), ૮(૧), ૮(૨), ૮(૪) તથા પશુ ઘાતકીકરણ–૧૯૬૦ ની કલમ–૧૧(એલ) (૧) તથા ધી પ્રાણી ક્રુરતા નિવારણ (કતલખાના) નિયમો–૨૦૦૧ નો નિયમ–૩ તથા જી. પી. એકટની કલમ–૧૧૯ મુજબના શિક્ષા પાત્ર ગુના અંગેનું તહોમતનામું ફરમાવવામાં આવેલ અને તેને લગત આરોપીઓનું નિવેદન આંક–૦૭ અને આંક–૦૮ મુજબ નોંધવામાં આવેલ, જેમાં આરોપીઓએ તેમની વિરૂધ્ધના ગુનાનો ઈનકાર કરતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. જે દરમ્યાન આરોપીઓના વિ. વ. શ્રીએ આંક–૧૬ થી ફો. કે. નં. ૧૫૯૦/૨૦૨૩ ના કામે વેરાવળના વિ. એડી. ચીફ જયુડી. મેજી. શ્રી સમક્ષ જે કંઈ પુરાવો રજૂ થયેલ છે, તેને એડોપ્ટ કરતા હોવાનુ જાહેર કરતા, તે પુરાવાને નવા આંક આપીને સદરહુ કેસના કામે સામેલ રાખવામાં આવેલ છે.

(૪) સદર કામે ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો આક્ષેપ પુરવાર કરવા માટે ઉપર કોષ્ટકમાં ફોર્મ–સી (એ) માં જણાવ્યા મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ રાખેલ છે.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૫૧ થી ફરીયાદપક્ષનો પુરાવો પૂરો થયાનું પુરસીસથી જાહેર કરેલ છે. આ કામે ફરીયાદપક્ષે ઉપર મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર રજુ કર્યા બાદ આરોપીઓને પુરતી અને વ્યાજબી તક મળી રહે તે હેતુસર ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ અન્વયે વધારાનું નિવેદન લેતા ફરીયાદપક્ષે રજૂ કરેલ પુરાવો ખોટો હોવાનું અને તેની સામે ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે. જો કે, આરોપીઓએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના સાહેદ તપાસેલ નથી. આરોપી નં. ૧ અને ૨ નાએ વિશેષમાં જણાવેલ છે કે, " અમો નિર્દોષ છીએ, કહેવાતી કોઈ રેઈડ કરેલ નથી. કહેવાતો આંક–૪૯ થી રજૂ થયેલ એફ. એસ. એલ. રીપોર્ટ મુજબ એક જ નમુનામાંથી બે પ્રાણીના મુદામાલનુ પરીક્ષણ જાહેર થાય છે. આંક–૪૯ વાળો રીપોર્ટ ખોટી રીતે બનાવેલ છે. કહેવાતો મુદામાલ નગરપાલીકા દ્વારા કઈ રીતે, કોના દ્વારા, કયા સ્થળે નાશ કરેલ તેવી હકીકત રેકર્ડ પર નથી. સદર કામે કોઈ સ્વતંત્ર સાહેદ

નથી. માત્ર ફરીયાદપક્ષના હીત ધરાવનાર પોલીસ સાહેદ છે, કોઇ ગુનો કરેલ નથી, નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે.'' તેવુ જણાવેલ છે.

**(૬)** આ કામે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, આ કેસના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે :-

**:: મુદ્દાઓ ::**

**(૧)** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગઇ તારીખ ૨૦/૦૪/૨૦૨૩ ના કલાક-૧૮/૦૦ વાગ્યે વેરાવળ સોમનાથ ટોકિઝ વિસ્તારમાં કિરમાણી નગરમા આ કામના આરોપી નંબર (૧) આયશાબેન વા/ઓ જુમાભાઇ ઇસ્માઇલભાઇ સીપીયાનાઓએ ગેરકાયદેસર રીતે પોતાના કબજામાં હિન્દુ ધર્મની લાગણી દુભાય તે રીતે ગૌવંશ માસ મટનનો જથ્થો ભરેલ પ્લાસ્ટીકનુ કેરેટ નંગ-૧ જેમા ગૌમાસ મીક્ષ મટન આશરે ૧૨ કિ.ગ્રા. જેની કુલ કિ.રૂ. ૧૮૦૦/- ના મુદામાલ સાથે મળી આવી તથા આ ગૌમાસ મીક્ષ મટન મુદામાલ આરોપી નંબર (૨) મુસ્તાક ઉર્ફે સીદીકભાઇ અલ્લારખાભાઇ ચૌહાણનાઓએ પુરો પાડી, એકબીજાએ ગુન્હો કરવામાં મદદગારી કરી, ઇ. પી. કોડની કલમ-૪૨૯, ૨૯૫, ૧૧૪ તથા પશુ સંરક્ષણ અધિનિયમ-૧૯૫૪ (સુધારા અધિનિયમ-૨૦૧૭) ની કલમ-૫ (૧), ૬ (ખ) (૧), ૮(૧), ૮(૨), ૮(૪) તથા પશુ ઘાતકીકરણ-૧૯૬૦ ની કલમ-૧૧(એલ)(૧) તથા ધી પ્રાણી ક્રુરતા નિવારણ (કતલખાના) નિયમો-૨૦૦૧ નો નિયમ-૩ તથા જી. પી. એકટની કલમ-૧૧૯ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દા પરત્વેના મારા નિર્ણયો તથા તેના કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ.

## ફરીયાદપક્ષની દલીલો

(૮) આ કામે ફરીયાદપક્ષે આંક–૪૨ થી મૂળ ફરીયાદીનો મૌખિક પુરાવો રજૂ થયેલ છે અને આંક–૪૪ થી હાલના ગુનાની ફરીયાદ રજૂ થયેલ છે. ફરીયાદીએ તેમનો પુરાવામાં આંક–૪૪ ની ફરીયાદની હકીકતોને સંપૂર્ણ સમર્થન કરેલ છે. ફરીયાદીએ તેમના પુરાવામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, આ કામના આરોપીઓએ ગઇ તારીખ ૨૦/૦૪/૨૦૨૩ ના કલાક–૧૮/૦૦ વાગ્યે વેરાવળ સોમનાથ ટોકિઝ વિસ્તારમાં કિરમાણી નગરમા આ કામના આરોપી નંબર (૧) આયશાબેન વા/ઓ જુમાભાઇ ઇસ્માઇલભાઇ સીપીયાનાઓએ ગેરકાયદેસર રીતે પોતાના કબજામાં હિન્દુ ધર્મની લાગણી દુભાય તે રીતે ગૌવંશ માસ મટનનો જથ્થો ભરેલ પ્લાસ્ટીકનુ કેરેટ નંગ–૧ જેમા ગૌમાસ મીક્ષ મટન આશરે ૧૨ કિ.ગ્રા. જેની કુલ કિ.રૂ. ૧૮૦૦/– ના મુદામાલ સાથે રાખેલ હતો અને આ ગૌમાસ મીક્ષ મટન મુદામાલ આરોપી નંબર (૨) મુસ્તાક ઉર્ફે સીદીકભાઇ અલ્લારખાભાઇ ચૌહાણનાઓએ પુરો પાડેલ હતો. વધુમા આ ફરીયાદી સાહેદ જે પોલીસ સાહેદોએ રેઇડ કરેલ હતી, તેવા પોલીસ સાહેદો પૈકી સાહેદ અનિરૂધ્ધસિંહ જયવંતસિંહ રાયજાદા અને સાહેદ વિપુલકુમાર રામસિંહભાઇ રાઠોડને ફરીયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા છે. તેઓએ પણ પોતાના પુરાવામાં ફરીયાદને અનુરૂપ પુરાવો આપીને ફરીયાદપક્ષના કેસને સંપુર્ણ સમર્થન કરેલ છે અને તેમના પુરાવાથી પણ આરોપીઓ સામેનો કેસ પુરવાર થાય છે.

વધુમાં ફરિયાદપક્ષની દલીલ છે કે, આરોપી નં.૨ મુસ્તાક ઉર્ફે સીદીકભાઈ અલ્લારખાભાઈ ચૌહાણે ઉપરોક્ત ગૌમાસ મીક્ષ મટનનો જથ્થો આરોપી નં.૧ને પૂરો પાડ્યો હતો અને બંને આરોપીઓએ પરસ્પર સહયોગ તથા મદદગારીથી ગુનો આચર્યો છે. તેથી આરોપી નં.૨ ની ભૂમિકા માત્ર શંકા ઉપર આધારિત નથી, પરંતુ તપાસ દરમિયાન પ્રાપ્ત થયેલ સંજોગો, મુદામાલની હકીકત તથા બંને આરોપીઓ વચ્ચેની કડી પરથી તેની સંડોવણી સ્પષ્ટ થાય છે. આરોપી નં.૧ પાસેથી મળેલ મુદામાલ અને આરોપી નં.૨ દ્વારા તે જથ્થો પૂરો પાડવામાં આવેલ હોવાની ફરિયાદપક્ષની હકીકત એકબીજાને પૂરક છે.

ફરિયાદપક્ષની વધુમાં રજૂઆત છે કે, ગુજરાત એનિમલ પ્રિઝર્વેશન એક્ટની જોગવાઈઓનો હેતુ ગૌવંશના રક્ષણ તથા ગૌવંશના માંસના ગેરકાયદેસર સંગ્રહ, વેચાણ અને પરિવહન ઉપર પ્રતિબંધ મૂકવાનો છે. કાયદાની કલમ ૬–બી હેઠળ ગૌમાંસ અથવા ગૌમાંસની બનાવટને સીધી કે આડકતરી રીતે વેચવા, રાખવા, સંગ્રહ કરવા, પરિવહન કરવા અથવા ખરીદવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ જોગવાઈનો ભંગ થાય તો કલમ ૮ હેઠળ સજાની જોગવાઈ પણ કરવામાં આવી છે. આ કેસમાં આરોપી નં.૧ પાસેથી ગૌમાસનો જથ્થો મળ્યો હોવાની હકીકત તથા આરોપી નં.૨ દ્વારા તે જથ્થો પૂરો પાડવામાં આવેલ હોવાની ફરિયાદપક્ષની રજૂઆતને સમગ્ર પુરાવાના પુરવાર કરેલ છે. આ કામે રજૂ થયેલ મુદામાલનું જપ્તી પંચનામું, પંચ સાહેદોની જુબાની, તપાસ અધિકારીની જુબાની, મુદામાલના નમૂનાની વૈજ્ઞાનિક તપાસ તથા અન્ય દસ્તાવેજી પુરાવા દ્વારા ફરિયાદપક્ષે પોતાના કેસને સાબિત કરેલ છે. વધુમાં, આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૯, ૨૯૫ અને ૧૧૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૧૯ હેઠળ પણ આરોપ મૂકવામાં આવેલ છે. આરોપી નં.૨ દ્વારા આરોપી નં.૧ ને ગૌમાસનો જથ્થો પૂરો પાડવામાં આવેલ હોવાનું સાબિત થયેલ છે, તેથી તેની ભૂમિકા ગુનામાં મદદગારી તથા સહભાગિતાની બને છે અને તેથી માત્ર તેના પાસેથી મુદામાલ સીધો મળ્યો નથી તે આધાર ઉપર તેને નિર્દોષ ઠરાવી શકાય નહીં.

વધુમા તેઓએ એવી પણ રજૂઆત કરેલ છે કે, આરોપી નં.૧ પાસેથી મળી આવેલ મુદામાલનું પ્રમાણ આશરે ૧૨ કિલોગ્રામ છે. આટલો જથ્થો માત્ર વ્યક્તિગત ઉપયોગ માટે હતો તેવી બચાવપક્ષની દલીલ હોય તો પણ તે દલીલને પુરાવાના સમગ્ર મૂલ્યાંકન વિના સ્વીકારી શકાય નહીં. મુદામાલ કયા સ્થળેથી મેળવવામાં આવ્યો, કોની પાસેથી મેળવવામાં આવ્યો, કયા હેતુથી રાખવામાં આવ્યો હતો અને આરોપી નં.૨ ની તેમાં શું ભૂમિકા હતી, તે તમામ સંજોગોનું એકસાથે મૂલ્યાંકન કરવાનું રહે છે. વધુમા સર્વોચ્ચ અદાલતે ગુજરાત એનિમલ પ્રિઝર્વેશન એક્ટ સંબંધિત કેસોમાં આ કાયદાની જોગવાઈઓ તથા ગૌવંશના સંરક્ષણ સંબંધિત કાયદાકીય ચર્ચા કરી છે. આથી, ઉપરોકત તમામ હકીકતો અને સંજોગોને ધ્યાનમા રાખીને આરોપી નં.૧ પાસેથી ગૌવંશના માંસનો જથ્થો મળી આવવો, આરોપી નં.૨ દ્વારા તે જથ્થો પૂરો પાડવામાં

આવેલ હોવાની હકીકત, બંને આરોપીઓ વચ્ચેની કથિત મદદગારી તથા તપાસ દરમિયાન એકત્ર થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ પરસ્પર સુસંગત છે. તેથી આરોપીઓ વિરુદ્ધ લગાવવામાં આવેલ આરોપો માત્ર શંકા કે અનુમાન ઉપર આધારિત નથી, પરંતુ ઉપલબ્ધ પુરાવાઓના આધારે આરોપીઓની ગુનામાં સંડોવણી સાબિત થાય છે. આથી આરોપીઓને કાયદાની જોગવાઈઓ મુજબ દોષિત ઠેરવી યોગ્ય સજા કરવી જોઈએ તેવી ભારપુર્વકની રજૂઆત કરેલ છે.

## <u>આરોપીપક્ષની દલીલો</u>

(૯) આ કામે આરોપીઓ તરફે તેમના વિ. વ. શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, ફરિયાદપક્ષે આરોપીઓ વિરુદ્ધ ગંભીર આક્ષેપો કરેલ હોવા છતાં માત્ર આક્ષેપના આધારે આરોપીઓને દોષિત ઠરાવી શકાય નહીં. ફોજદારી કેસમાં આરોપ સાબિત કરવાની સંપૂર્ણ જવાબદારી ફરિયાદપક્ષની છે અને તે પણ શંકાથી પર એવા વિશ્વસનીય અને કાયદેસર પુરાવાથી આરોપ સાબિત કરવાનો રહે છે. જ્યાં ફરિયાદપક્ષના પુરાવામાં મહત્વપૂર્ણ ખામીઓ અને પરસ્પર વિરોધાભાસો હોય ત્યાં તેનો લાભ આરોપીઓને મળવો જોઈએ. આ કેસમાં આરોપી નં.૧ પાસેથી પ્લાસ્ટિકનું કેરેટ તથા તેમાં આશરે ૧૨ કિલોગ્રામ મટનનો જથ્થો મળી આવ્યો હોવાનો આરોપ છે. પરંતુ માત્ર કોઈ માંસનો જથ્થો મળી આવ્યો હોવાના આધારે તે ગૌવંશનું જ માંસ છે એવું માની શકાય નહીં. ફરિયાદપક્ષે એ બાબત નિર્વિવાદ રીતે સાબિત કરવાની રહે છે કે જપ્ત કરવામાં આવેલ મુદામાલ ખરેખર ગૌવંશનું માંસ જ હતું. તેના માટે યોગ્ય રીતે નમૂના લેવામાં આવ્યા હતા કે કેમ, નમૂના સીલ કરવામાં આવ્યા હતા કે કેમ, સીલની અખંડિતતા જળવાઈ હતી કે કેમ અને નમૂનો યોગ્ય રીતે ફોરેન્સિક લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો હતો કે કેમ તે બાબતો અત્યંત મહત્વપૂર્ણ બને છે. વધુમાં, મુદામાલની જપ્તી અંગેના પંચનામાના પંચ સાહેદો સ્વતંત્ર અને વિશ્વસનીય છે કે નહીં તે પણ તપાસવાનું રહે છે. જો પંચ સાહેદોએ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપ્યું ન હોય અથવા તેમની જુબાનીમાં મહત્વપૂર્ણ વિરોધાભાસ હોય, તો માત્ર તપાસ અધિકારીની જુબાનીના આધારે જપ્તીની હકીકતને નિર્વિવાદ રીતે સાબિત થયેલી કહી શકાય

નહીં. જપ્તી કયા ચોક્કસ સ્થળે કરવામાં આવી, તે સમયે કોણ હાજર હતું, મુદામાલ આરોપીના જ કબજામાંથી મળ્યો હતો કે નહીં અને જપ્તી પહેલાં તથા પછીની પ્રક્રિયા કાયદેસરની રીતે કરવામાં આવી હતી કે નહીં તે બાબતો અંગે ફરિયાદપક્ષે સ્પષ્ટ પુરાવો રજૂ કરવો જરૂરી છે. વધુમા આરોપી નં.૧ અંગે પણ માત્ર સ્થળ ઉપર હાજર હોવા અથવા તેની નજીકથી કોઈ જથ્થો મળી આવવાના આધારે તે જથ્થો તેની જાણકારી અને નિયંત્રણ હેઠળ હતો એવું આપોઆપ માની શકાય નહીં. ફરિયાદપક્ષે આરોપીનો સચોટ અને વિશિષ્ટ કબજો તથા ગુનાહિત ઈરાદો સાબિત કરવાનો રહે છે. ખાસ કરીને જો સ્થળ જાહેર અથવા અવરજવરવાળું હોય તો માત્ર સ્થળ ઉપર હાજરીને ગુનાહિત કબજાનો પુરાવો ગણી શકાય નહીં. વધુમા, આરોપી નં.૨ અંગે ફરિયાદપક્ષનો કેસ તો વધુ નબળો છે. આરોપી નં.૨ પાસેથી કોઈ ગૌવંશનું માંસ કે અન્ય વાંધાજનક મુદામાલ મળી આવેલ નથી. આરોપી નં.૨ નાએ આરોપી નં.૧ ને કથિત રીતે માંસ પૂરું પાડ્યું હોવાનું કહેવામાં આવ્યું છે, પરંતુ આ હકીકત સાબિત કરવા માટે કોઈ સ્વતંત્ર અને વિશ્વસનીય પુરાવો રજૂ થયો છે કે કેમ તે મહત્વપૂર્ણ છે. માત્ર સહઆરોપી અંગે કરવામાં આવેલ આક્ષેપ, જો અન્ય સ્વતંત્ર પુરાવાથી સમર્થિત ન હોય, તો આરોપી નં.૨ને દોષિત ઠરાવવા પૂરતો આધાર બની શકે નહીં. વધુમાં, ભારતીય દંડ સંહિતાની કલમ–૧૧૪ લાગુ કરવા માટે આરોપી નં.૨ની હાજરી તથા ગુનો કરવામાં તેની મદદગારી અથવા સહભાગિતા અંગે ફરિયાદપક્ષે ચોક્કસ પુરાવો રજૂ કરવો જરૂરી છે. માત્ર બંને આરોપીઓ એકબીજાને ઓળખે છે અથવા એક આરોપી પાસેથી કથિત મુદામાલ મળી આવ્યો છે તે હકીકતથી બીજા આરોપીની ગુનામાં મદદગારી સાબિત થતી નથી.

વધુમા તેઓએ એવી પણ રજૂઆત કરેલ છે કે, આ કેસમાં આરોપી નં.૧ દ્વારા ગૌવંશના માંસ અંગે જાણકારી હોવાનો અથવા આરોપી નં.૨એ જાણપૂર્વક ગૌવંશનું માંસ પૂરું પાડ્યું હોવાનો કોઈ સીધો પુરાવો ન હોય તો ગુનાહિત માનસિકતા પણ શંકાથી પર સાબિત થતી નથી. ફરિયાદપક્ષે આરોપીઓના નિવેદન, સાક્ષીઓની જુબાની, જપ્તી પંચનામું તથા વૈજ્ઞાનિક પુરાવાનું સમગ્રતઃ મૂલ્યાંકન કરાવવું પડે છે. જ્યાં પુરાવામાં મહત્વપૂર્ણ કડીઓ ગેરહાજર હોય ત્યાં માત્ર અનુમાનના આધારે દોષિત ઠરાવી શકાય નહીં. આ ઉપરાંત, ફરિયાદપક્ષે રજૂ કરેલ સાક્ષીઓની જુબાનીમાં જો ઘટનાસ્થળ, સમય,

મુદામાલની સ્થિતિ, જપ્તીની પ્રક્રિયા, નમૂના મોકલવાની પ્રક્રિયા તથા આરોપીઓની ભૂમિકા અંગે વિરોધાભાસો હોય તો તે વિરોધાભાસો આરોપીપક્ષને લાભ આપતા હોય છે. ફોજદારી ન્યાયશાસ્ત્રનો મૂળભૂત સિદ્ધાંત છે કે બે સંભવિત દૃષ્ટિકોણમાંથી આરોપીની નિર્દોષતા સાથે સુસંગત દૃષ્ટિકોણ શક્ય હોય તો તેનો લાભ આરોપીને આપવાનો રહે છે. આથી, ફરિયાદપક્ષ આરોપી નં.૧ના કબજામાંથી મળી આવેલ મુદામાલ ખરેખર ગૌવંશનું માંસ હતું, તે આરોપી નં.૧ને તેની જાણકારી હતી અને આરોપી નં.૨એ જાણપૂર્વક તે જથ્થો પૂરો પાડ્યો હતો તથા બંને આરોપીઓએ પરસ્પર ગુનો કરવામાં મદદગારી કરી હતી, તે તમામ બાબતો શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. તેથી આરોપીઓ વિરુદ્ધની કલમો હેઠળના આરોપો માત્ર અનુમાન અને શંકાના આધારે સાબિત થયેલા ગણી શકાય નહીં. આથી ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવામાં રહેલી ખામીઓ, સાક્ષીઓની જુબાનીમાં રહેલા વિરોધાભાસો, મુદામાલની ચોક્કસ ઓળખ અંગેની અપૂર્ણતા, આરોપી નં.૨ની સીધી સંડોવણી અંગેના પુરાવાનો અભાવ તથા સમગ્ર કેસમાં રહેલી વાજબી શંકાને ધ્યાનમાં લેતાં આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવા ભારપુર્વકની રજૂઆત કરેલ છે.

## <u>કા ર ણો</u>

## <u>ફરીયાદપક્ષ તરફથી રજૂ રાખવામાં આવેલ મૌખિક પુરાવાનું ટૂંકમાં વિવરણ</u>

## <u>મૌખિક પુરાવો</u>

## <u>મુખ્ય સાહેદોનો પુરાવો</u>

(૧૦) આ કામે ફરીયાદપક્ષે **ફરિયાદી લખધીરભાઇ લખમણભાઇ પરમારને આંક-૪૨ થી** સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, ગઇ તા.૨૦/૪/૨૦૨૩ ના નવેક વાગે ભાલકા ચોકીમાં ફરજ પર હાજર હતા ત્યારે ૯-૫૫ વાગે પીએસઓ કંચનબેને ટેલીફોનીક જાણ કરેલ કે, કીરમાણી રોડ માર્કેટમાં એક ઝુપડામાં જાહેરમાં શંકાસ્પદ ગૌમાંસનું વેચાણ કરે છે. તે જગ્યાનું મોબાઇલ લોકેશન મોકલેલ. તેઓ તથા સર્વેલન્સ સ્ટાફના એએસઆઇ દેવદાનભાઈ, અનુરુધ્ધસીંહ એમ બધા ચોકીથી બાતમીવાળી જગ્યાએ ગયેલ.

ત્યાં બે રાહદારી પંચોને બોલાવી બનાવની હકીકત સમજાવી દર્શાવેલ જગ્યાએ જતા ઝુંપડામાં એક મહીલા માંસ મટનનો જથ્થો પ્લાસ્ટીકના કેરેટમાં રાખી વેચાણ કરતી જોવા મળેલ. તેનુ નામ ઠામ પુછતા આયશાબેન જુમાભાઈ જણાવેલ. તેની પાસેથી કેરેટમાં ભરેલ માંસ વેચવા બાબતે કોઇ લાયસન્સ હતુ નહી. આ માંસ સબંધેની ખરાઈ કરવા સીટી પો.સ્ટેશન લઈ જઈ સ્ટે.ડાયરીમાં નોંધ કરાવેલ અને એફએસએલ મારફતે મુદામાલ તપાસણી માટે રાખેલ. જે બાબતનું પંચનામુ એફએસએલ આવ્યા સુધી અટકાવેલ. બાદ એફએસએલ વાન આવતા આ મટન મુદામાલમાંથી પાંચ નમુના પરીક્ષણ માટે લીધેલ અને તેમાં બે નમુના ગૌવંશનુ માંસ હોવાનું તેમજ ત્રણ–ચાર ભેંસનું માંસ હોવાનુ તેમજ નમુના નં.૫ માં ગૌવંશ અને ભેંસનુ મીક્ષ માંસ હોવાનો અહેવાલ આપેલ. જેથી આ મુદામાલ મહીલા પાસેથી કબજે કરેલ અને આ જથ્થો તેણીને કોણે પુરો પાડેલ તે પુછતા મુસ્તાક ઉર્ફે સીદીક રહીમભાઇ ચૌહાણ, રે.પાટણ વાળા પાસેથી લીધાનું જણાવેલ. પંચનામુ તા.૨૦/૪/૨૦૨૩ ના ૧૬–૧૫ થી ૧૮–૦૦ સુધીનુ કરી રાત્રીનો સમય હોય મહીલા ઈસમને સવારે આવવાની સમજ કરેલ અને આ ઈસમો સામે તેઓએ વેરાવળ સીટી પો.સ્ટેશનમાં ફરીયાદ આપેલ. વધુમા આ સાહેદના પુરાવામાં આંક–૪૩ થી એફ. આઈ. આર., આંક–૪૪ થી ફરીયાદ, આંક–૪૫ થી ગુનો રજીસ્ટર કરવા કરેલ યાદી, આંક–૪૬ થી સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા કરેલ યાદી, આંક–૪૭ થી બનાવવાળી જગ્યાનુ પંચનામુ, આંક–૪૮ થી ગૌમાંસનુ પરીક્ષણ કરવા એફ. એસ. એલ. ને કરેલ યાદી, આંક–૪૯ થી એફ. એસ. એલ. નો રીપોર્ટ તથા આંક–૫૦ થી ડેપ્યુટ હુકમ રજૂ થયેલ છે.

વધુમા આ સાહેદનો પુરાવો છે કે, તેઓએ આ કામના બંને આરોપીઓને ગુનાના કામે અટક કરેલ અને તેની સામે પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. તેઓએ કબજે કરેલ ગૌમાંસનો નીકાલ કરવા ચીફ ઓફીસર, વેરાવળને આંક–૩૯ વાળી યાદી કરેલ અને તે અન્વયે આંક–૪૦ વાળી યાદીથી નગરપાલીકાએ તેઓની કચેરીને સદર મટનના જથ્થાનો નાશ કર્યાની યાદી મોકલેલ. તેઓએ આ કામમાં લાગતા વળગતા સાહેદોના નીવેદનો નોંધેલ અને પંચનામાઓ પણ કરેલ.

(૧૦.૧) આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એવી હકીકત સ્વીકારેલ છે કે,આ કામમાં ફરીયાદી તેઓ છે, ફરીયાદ તેમના રુબરુની છે, રેડીંગપાર્ટીનો સભ્ય પણ છે અને તપાસ કરનાર અમલદાર પણ તેઓ પોતે જ છે. કહેવાતા ગુનાની બાતમી તેઓને ૯–૫૫ વાગે પીએસઓ મારફતે મળેલી. બાતમી મળેલી ત્યારે તેઓ ભાલકા પોલીસ ચોકીએ હતો. વધુમા એવી હકીકત સ્વીકારેલ છે કે, બાતમીદાર દ્વારા તથા પીએસઓ દ્વારા કહેવાતી રેઈડવાળી જગ્યાનુ મેપ દ્વારા લોકેશન આપેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદમાં, પંચનામામાં તથા સાહેદોના નીવેદનોમાં જણાવેલ નહી. કહેવાતી બાતમી મળેલી ત્યારે રેઈડવાળી જગ્યાએ તેઓ છ વ્યકતીઓ ગયેલા. આગળ કબુલ કરે છે કે, તેઓએ કહેવાતી રેઈડવાળી જગ્યાએ કયા વાહનમાં ગયેલા તે વાહનના રજીસ્ટ્રેશન નંબર કે વાહનનુ વર્ણન અંગે તેઓની તપાસમાં કોઈ હકીકત ખુલેલ નહી. વધુમા સ્વીકારે છે કે, કહેવાતી રેઈડવાળી જગ્યાએ જે વાહનો લઈને ગયેલા તે વાહનની લોગબુક તપાસના કામે કબજે કરેલ નહી. રેઈડ વાળી જગ્યાએ તેઓ ત્રણ મોટરસાયકલ વાહનો લઈને ગયેલા. આગળ કબુલ કરે છે કે, કહેવાતી રેઈડવાળી જગ્યાએ જતા સમયે તેઓની સાથે કોઈ લેપટોપ, પ્રીન્ટર સાથે લઈને ગયેલ હોય તેવુ બનેલ નહી. વધુમા કબુલ કરે છે કે, આંક–૪૭ વાળુ રેડીંગ પંચનામુ લેપટોપ અથવા તો કોમ્પ્યુટર વડે ટાઈપ કરેલ પંચનામુ છે. કહેવાતી રેઈડ વાળી જગ્યાએ ઘણી વખત જવાનો પ્રસંગ બનેલો. કહેવાતી રેઈડ વાળી જગ્યાએ પુર્વ બાજુ ગરીબ નવાઝ કોલોની આવેલ છે, પશ્ચીમે અજમેરી કોલોની, ઉતરે ખુલ્લી જગ્યા અને દક્ષીણે કીરમાણી રોડ આવેલ છે. વધુમા સ્વીકારે છે કે, તેઓએ ઉપર મુજબની હદ દીશા જણાવેલ તે પંચનામામાં દર્શાવેલ નથી. આગળ કબુલ કરે છે કે, કહેવાતી રેઈડવાળી જગ્યા રહેણાંકી વીસ્તાર છે અને ત્યાં સતત લોકોની અવર જવર વાળો વીસ્તાર છે. વધુમા કબુલ કરે છે કે, તેઓની તપાસ દરમ્યાન તેઓએ કોઈ સ્વતંત્ર સાહેદોના તેમજ કહેવાતી રેઈડવાળી જગ્યાના આજુબાજુના કોઈ વ્યકતીઓના નીવેદન લીધેલ નથી. આગળ કબુલ કરે છે કે, કહેવાતી રેઈડવાળી જગ્યાએ કોઈ ઈસમ મુદામાલ ખરીદ કરવા આવેલ હોય અથવા કહેવાતો મુદામાલ શકમંદ વ્યકતીઓ વેંચવા માટે નીકળેલા હોય તેવા કોઈ સાહેદોના નીવેદન તેમની તપાસમાં લીધેલ નથી. વધુમા સ્વીકારે છે કે, આંક–૪૭ વાળુ રેડીંગ પંચનામામાં રેડીંગ

પાર્ટીના સભ્યોના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નહી. કહેવાતી રેઇડ વાળી જગ્યાએ તેઓને એકાદ કલાકની આસપાસ રોકાવાનો પ્રસંગ બનેલ હશે. વધુમા સ્વીકારે છે કે, આંક–૪૭વાળુ રેડીંગ પંચનામુ કહેવાતી રેઇડ વાળી જગ્યાએ જઇ પછી કરવામાં આવેલ છે.કહેવાતી રેઇડ વાળી જગ્યાએથી વેરાવળ સીટી પો.સ્ટેશન ખાતે પહોંચેલા. વધુમા કબુલ કરે છે કે, કહેવાતો મુદામાલ રેઇડ કરી ત્યાંથી ફરીયાદ થઇ ત્યાં સુધી કહેવાતો મુદામાલને શીલ કરવાનો પ્રસંગ બનેલ નહી. આગળ કબુલ કરે છે કે, મુદામાલનુ વજનકાંટાથી વજન કરેલ નહી. સાહેદ જણાવે છે કે, વજન આશરે કરેલું. વધુમા કબુલ કરે છે કે, કહેવાતી રેઇડવાળી જગ્યાએ પશુ વધ માટેના કોઇ હથીયારો મળી આવેલ નહી તેમજ તેઓની તપાસ દરમ્યાન આવા કોઇ હથીયારો મળી આવેલ નહી. આગળ કબુલ કરે છે કે, કહેવાતો મુદામાલ રેઇડ વાળી જગ્યાએથી પોલીસ સ્ટેશને કયા વાહનમાં અને કોની દેખરેખ હેઠળ લઇ ગયેલા તેવી કોઇ હકીકત પંચનામા, નીવેદન અને ફરીયાદમાં જણાવેલ નહી. આગળ સ્વીકારે છે કે, આ ગુનાને લગતી કોઈ વીડીયોગ્રાફી કે ફોટોગ્રાફી કરેલ હોય તેવુ બનેલ નહી. વધુમા કબુલ કરે છે કે, આ ગુનાના કામે બાતમી મળેલી ત્યારે કોઇ પંચનામુ કરવાનો પ્રસંગ બનેલ નહી. વધુમા સ્વીકારે છે કે, આ કામે પંચોના નામ ફરીયાદ અને નીવેદનમાં જણાવેલ નહી. વધુમા કબુલ કરે છે કે, મુદામાલ જે બાચકામાં હતો તે બાચકુ મુદામાલ તરીકે કબજે કરવામાં આવેલ નથી. આગળ એ હકીકત પણ કબુલ કરે છે કે, કહેવાતા ગુનાની જે બાતમી મળેલી તે બાતમીદારના મોબાઈલ નંબર ઉપર તેઓએ કોઇ ખરાઇ કરેલ નહી કે તેવા કોઇ વ્યકતીનુ નીવેદન તેમની તપાસમાં મેળવેલ નહી. આ ગુનાના કામે તેઓએ કોઇ પશુ વેટરનરી ડોકટરને બોલાવેલા નહી. આ કામમાં એફએસએલની ટીમ આશરે ૪–૦૦ વાગે પોલીસ સ્ટેશને આવેલી. વધુમા કબુલ કરે છે કે, આ કામમાં એફએસએલે પરીક્ષણ કરવા માટે જે નમુના લીધેલા તેનું શુ કરેલુ તેનો કોઇ ખુલાસો કરેલ નથી. આગળ કબુલ કરે છે કે, ઘણી વખત પોલીસને બીનવારસી મુદામાલ મળી આવતો હોય છે. વધુમા સ્વીકારે છે કે, આ કાયદા તળે તેઓને ફરીયાદ કરવાનો અધીકારી છે તે અંગેના કોઇ દસ્તાવેજો આ કામમાં તેઓએ સામેલ રાખેલ નથી.આગળ સ્વીકારે છે કે, પોલીસ સારી કામગીરી કરતી હોય ત્યારે તેને બઢતી આપવામાં આવે છે. વધુમા સ્વીકારે છે કે, સારા કામની પ્રસીધ્ધી

સોશ્યલ મીડીયામાં કરવામાં આવતી હોય છે. આગળ કબુલ કરે છે કે, ફરીયાદમાં જણાવ્યા મુજબ જે કેરેટમાં મુદામાલ મુકેલ હતો તે મુજબનુ કોઈ કેરેટ મુદામાલ તરીકે કબજે લેવામાં આવેલ નથી.

(૧૧) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૬) અનિરૂધ્ધસિંહ જયવતસિંહ રાયજાદાને આંક–૨૫ થી** સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે,તેઓ તા.૨૦/૦૪/૨૦૨૩ના રોજ વેરાવળ પોલીસ સ્ટેશન ખાતે સવારે ૦૯:૦૦ કલાકે પોતાની ફરજ ઉપર હાજર હતા. તે દરમ્યાન આશરે ૦૯:૫૫ કલાકે વેરાવળ સીટી પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. કંચનબેન રાઠોડે તેમને ટેલીફોનિક જાણ કરેલ કે, ગીર–સોમનાથ જિલ્લા કંટ્રોલ રૂમમાં નોંધાયેલ બાતમી મુજબ મો.નં. ૯૨૨૮૧૧૭૬૧૭ ઉપરથી માહિતી મળેલ છે કે, કીરમાણી રોડ ઉપર એક મહિલા ખુલ્લી જગ્યામાં શંકાસ્પદ ગૌમાસનું વેચાણ કરે છે. આ અંગેનું મોબાઈલ લોકેશન પણ મળેલ હોવાનું જણાવવામાં આવેલ હતું. ત્યારબાદ એલ.એલ. પરમારે તેમને સદર લોકેશન ઉપર કાર્યવાહી કરવા સૂચના આપેલ હતી. આ સૂચનાના આધારે તેઓ તથા એ.એસ.આઈ. વિપુલભાઈ રાઠોડ, દેવદાનાભાઈ કુંભારવાડીયા, ધવલભાઈ મહેતા તથા વિનોદભાઈ ખાટુભાઈ પોલીસ વાહનમાં પોલીસ ચોકી ખાતેથી રવાના થઈ બાતમીવાળી જગ્યાએ રૂબરૂ ગયેલ હતા. ત્યાં નજીકમાંથી પંચ સાહેદોને બોલાવી બનાવ અંગેની સમજ આપી તેઓને સાથે રાખી કાર્યવાહી કરવામાં આવેલ હતી. ત્યારબાદ માર્કેટમાં જતાં એક શંકાસ્પદ મહિલા ખુલ્લા કેરેટમાં માસ–મટનનો જથ્થો રાખી જાહેર જગ્યામાં વેચાણ કરતી હોવાનું જોવા મળેલ હતું. ત્યારબાદ પંચ સાહેદોની રૂબરૂમાં સદર મહિલાનું નામ તથા સરનામું પૂછતાં તેણીએ પોતાનું નામ આયશાબેન જુમાભાઈ સિપિયા, રહે. વેરાવળ, હોવાનું જણાવેલ હતું. ત્યારબાદ પંચોની હાજરીમાં તેણી પાસે માસ વેચાણ કરવા માટેનું કોઈ લાયસન્સ છે કે કેમ તે અંગે પૂછપરછ કરવામાં આવતા તેણીએ પોતાની પાસે આવું કોઈ લાયસન્સ ન હોવાનું જણાવેલ હતું. ત્યારબાદ માસ–મટનનો સમગ્ર જથ્થો વેરાવળ સીટી પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવેલ હતો અને તે અંગેનું પંચનામું કલાક ૧૦:૧૫ થી ૧૧:૩૦ સુધી કરવામાં આવેલ હતું. એફ.એસ.એલ. કાઉમીટ વાન આવવાની બાકી હોવાથી વધુ તપાસ અર્થે તે

પંચનામું સ્થગિત રાખવામાં આવેલ હતું. ત્યારબાદ તે જ દિવસે આશરે ૧૬:૧૫ કલાકે કાઉમીટ વાન, એફ.એસ.એલ. રાજકોટ, વેરાવળ સીટી પોલીસ સ્ટેશન ખાતે આવી પહોંચતાં પંચ સાહેદોને હાજર રહેવા જણાવવામાં આવેલ હતું. ત્યારબાદ કાવમીટ વાનમાં રહેલ શંકાસ્પદ માસ–મટનના જથ્થાનું પરીક્ષણ કરવામાં આવેલ હતું. એફ.એસ.એલ. રાજકોટ દ્વારા સદર શંકાસ્પદ માસ–મટનના કુલ પાંચ નમૂનાઓ પરીક્ષણ અર્થે લેવામાં આવેલ હતા. જેમાં નમૂના નં.૧ તથા ૨માં સદર માસ ગૌમાસ હોવાનું, નમૂના નં.૩ તથા ૪માં સદર માસ ભેંસનું હોવાનું તથા નમૂના નં.૫માં ગૌમાસ તથા ભેંસનું માસ મિશ્રિત હોવાનું જણાવવામાં આવેલ હતું. ત્યારબાદ શંકાસ્પદ માસ–મટનનો સમગ્ર જથ્થો તથા પ્લાસ્ટીકનું કેરેટ નંગ–૧, જેમાં આશરે ૧૨ કિ.ગ્રા. જેટલો જથ્થો હતો, તે તમામ મુદામાલની કુલ કિંમત રૂ.૧,૮૦૦/– ગણી કબજે કરવામાં આવેલ હતો. ત્યારબાદ આયશાબેન જુમાભાઈને સદર માસ–મટનનો જથ્થો કોણે પૂરો પાડેલ છે તે અંગે પૂછપરછ કરવામાં આવતા તેણીએ સદર માસ–મટનનો જથ્થો પ્રભાસ પાટણના મુસ્તાક ઉર્ફે સીદીક રહીમ ચૌહાણ પાસેથી મેળવેલ હોવાનું જણાવેલ હતું. આ અંગેનું પંચનામું તા.૨૦/૦૪/૨૦૨૩ના રોજ કલાક ૧૬:૧૫ થી ૧૮:૦૦ સુધી તેમની હાજરીમાં કરવામાં આવેલ હતું. સદર સાક્ષી વધુમાં જણાવે છે કે, રેઈડ દરમ્યાન પંચનામાની વિગત મુજબ આરોપી આયશાબેન પાસેથી માસ–મટનનો જથ્થો કબજે કરવામાં આવેલ હતો. તપાસ દરમિયાન મળેલ હકીકતોના આધારે બંને આરોપીઓએ એકબીજાની મદદગારીથી ખુલ્લી જગ્યામાં ગૌમાસ–મટનનું વેચાણ કરી હિન્દુ ધર્મની લાગણી દુભાય તે રીતે ગુનો કરેલ હોવાનું જણાતાં, તેમની વિરુદ્ધ આઈ.પી.સી. તથા ગૌવંશ રક્ષણ–સંરક્ષણ અને પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા નિવારણ સંબંધિત કાયદાની જોગવાઈઓ મુજબ ગુનો નોંધી, આરોપીઓની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ હતી. સદર સમગ્ર કાર્યવાહી વખતે તેઓ સાથે તથા હાજર હતા.

**(૧૧.૧)** સદર સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એવી હકીકત કબુલ કરેલ છે કે,બનાવ વખતે તેઓ વેરાવળ સીટી પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવના અરસામાં તેઓ ડી–સ્ટાફમાં ફરજ બજાવતા હતા. બનાવના સમયે ડી–સ્ટાફની

કામગીરીમાં પ્રોહિબિશન તથા જુગારના કેસો ઉપરાંત અન્ય કોઈ આઈ.પી.સી.ને લગતા ગુનાઓના કેસ કરવાની કામગીરીનો પણ સમાવેશ થતો હતો. તેઓ નોકરી ઉપર હાજર થાય ત્યારે મસ્ટરમાં સહી કરવાની હોતી નથી.એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કોઈ બાતમી મળે તો તેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરવાની હોય છે. વધુમાં કબુલ કરેલ છે કે, તેમને અથવા તેમની સાથેના ડી–સ્ટાફના કર્મચારીઓને બાતમીદાર દ્વારા સીધી રીતે કોઈ બાતમી આપવામાં આવેલ ન હતી. તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં જે મોબાઈલ નંબર લખાવવામાં આવેલ છે, તે મોબાઈલ નંબર ઉપર તેમની કોઈ વાતચીત થયેલ નથી. વધુમાં કબુલ કરેલ છે કે, બાતમી શા બાબતની હતી તેની તેમને શરૂઆતમાં જાણકારી ન હતી અને તે અંગે પોલીસ સ્ટેશનના અમલદારે તેમને જાણ કરેલ હતી. સદર હકીકત કબુલ કરેલ છે કે, બાતમી અંગે તેમને કોઈ લેખિત હુકમ કરવામાં આવેલ ન હતો. તેઓ ડી–સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશનથી સવારે આશરે ૦૯:૫૫ કલાકે નીકળ્યા હતા. વધુમાં કબુલ કરેલ છે કે, બનાવવાળો વિસ્તાર ભાલકા ચોકીના વિસ્તારમાં આવે છે. પોલીસ સ્ટેશનથી નીકળ્યા બાદ ભાલકા ચોકીમાં કોઈ વ્યક્તિ સાથે વાતચીત કરવાનો તેમને પ્રસંગ બનેલ ન હતો. તેઓ પોલીસ સ્ટેશનથી બાતમીવાળી જગ્યાએ સીધા ગયા હતા અને રસ્તામાં ભાલકા ચોકીના એ.એસ.આઈ. લગધીરભાઈ તથા ધવલભાઈ મહેતા અને વિનોદભાઈ મળ્યા હતા. પોલીસ સ્ટેશનથી તેઓ સરકારી વાહનમાં નીકળ્યા હતા. સદર હકીકત કબુલ કરેલ છે કે, સરકારી વાહનનો ઉપયોગ કરવામાં આવે ત્યારે તે અંગે લોકબુક નિભાવવાની હોય છે અને આ અંગેની કોઈ નોંધ લોકબુકમાં કરવામાં આવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસ સ્ટેશનથી નીકળ્યા બાદ બંદર પાસે પહોંચતા તેમને એ.એસ.આઈ. લગધીરભાઈનો ફોન આવેલ હતો. વધુમાં કબુલ કરેલ છે કે, કીરમાણી રોડથી બનાવના સ્થળ સુધી રોડની બંને બાજુ મકાનો આવેલા છે. સદર હકીકત કબુલ કરેલ છે કે, સમગ્ર વિસ્તાર મુસ્લિમ વસ્તી ધરાવતો વિસ્તાર છે અને કીરમાણીથી રેલવે ફાટક સુધી આશરે બે કિલોમીટરના વિસ્તારમાં મુસ્લિમ વસ્તી આવેલી છે. તેઓને કીરમાણી પાસે ભેગા થયા ત્યારે તેમની વચ્ચે કોઈ ખાસ વાતચીત થયેલ ન હતી. ભાલકા ચોકીના પોલીસ સ્ટાફના માણસો ખાનગી વાહનમાં આવેલા હતા.પંચોને બોલાવવા માટે એ.એસ.આઈ.

લગધીરભાઈ ગયેલા હતા. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જ્યારે મુદામાલ રિકવર કરવાનો હોય ત્યારે પ્રાથમિક પંચનામું કરવાનું હોય છે. વધુમાં કબુલ કરેલ છે કે, હાલના કેસમાં કોઈ પ્રાથમિક પંચનામું કરવામાં આવેલ નથી. પંચનામું કરવા માટેના પંચોને કીરમાણી રોડ ઉપર બોલાવવામાં આવ્યા હતા. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ માર્કેટ આવેલું છે. સદર હકીકત કબુલ કરેલ છે કે, બનાવ અંગે માર્કેટમાં કોઈ સ્થાનિક વ્યક્તિ કે અન્ય માણસ સાથે તેમની વાતચીત થયેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ત્યાં આવેલા ઝૂંપડા અંગે તેમણે કોઈ ખરાઈ કરેલ નથી. વધુમાં કબુલ કરેલ છે કે, જે પ્લાસ્ટિકનું કેરેટ બતાવવામાં આવે છે તે કોની માલિકીનું હતું તે અંગે તેમણે કોઈ તપાસ કે ખરાઈ કરેલ નથી. સદર હકીકત કબુલ કરેલ છે કે, તેમણે એફ.એસ.એલ. અંગે કોઈ અભ્યાસ કે કોર્સ કરેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે એફ.એસ.એલ.નો કોઈ અભ્યાસ કે કોર્સ કરેલ ન હોવાથી બનાવ સમયે પકડાયેલ માસનો જથ્થો ચોક્કસપણે કયા પ્રાણીનું હતું તે તેઓ પોતાની રીતે કહી શકતા નથી. સદર હકીકત કબુલ કરેલ છે કે, બનાવ તા.૨૦/૦૪/૨૦૨૩ના રોજ બન્યો હતો, જ્યારે આરોપીઓને તા.૨૭/૦૪/૨૦૨૩ના રોજ અટક કરવામાં આવેલ હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, એફ.એસ.એલ.નો રિપોર્ટ આવ્યા બાદ આરોપીઓને અટક કરવામાં આવેલ હતા. વધુમાં કબુલ કરેલ છે કે, એફ.એસ.એલ.નો રિપોર્ટ આવ્યા પહેલાં તપાસ કરનાર અમલદારે તેમનું નિવેદન લીધેલ હતું. સદર હકીકત કબુલ કરેલ છે કે, ત્યારબાદ આ કામે તેમનું કોઈ વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએથી કોઈ ગ્રાહકને પકડવામાં આવેલ નથી. વધુમાં કબુલ કરેલ છે કે, તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં સ્ટેશન ડાયરીની નોંધ નંબર, સમય તથા તારીખ અંગેની કોઈ વિગત જણાવવામાં આવેલ નથી. સદર હકીકત કબુલ કરેલ છે કે, તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં પંચોના નામ પણ જણાવવામાં આવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, માસ–મટનના જથ્થાને ચોક્કસ સમયગાળા દરમિયાન ઠંડકમાં રાખવામાં ન આવે તો તે બગડી જવાની શક્યતા રહે છે. બનાવવાળી જગ્યાએ આશરે દોઢ કલાક જેટલો સમય રોકાયા હતા. સદર હકીકત કબુલ કરેલ છે કે, પકડાયેલ માસના જથ્થાને બનાવવાળી

જગ્યાએ કોઈ ઠંડકની વ્યવસ્થામાં રાખવામાં આવેલ ન હતો. જયારે કોઈ મુદામાલ મળી આવે ત્યારે તેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરવાની હોતી નથી. બનાવવાળી જગ્યાએથી તેઓ આશરે ૧૧:૩૫ કલાકે પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. સદર હકીકત કબુલ કરેલ છે કે, કોઈ વ્યક્તિ પાસેથી ગુનાના કામે મુદામાલ કબજે કરવામાં આવે ત્યારે તેની નોંધ મુદામાલ પાવતીમાં કરવાની હોય છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમની હાજરીમાં આ કામે મુદામાલ અંગેની કોઈ મુદામાલ પાવતી બનાવવામાં આવેલ નથી. એફ.એસ.એલ.ની ટીમ પોલીસ સ્ટેશને પહોંચ્યા બાદ આશરે ચારથી પાંચ કલાક પછી આવી હતી. પકડાયેલ માસનો જથ્થો પોલીસ સ્ટેશનની ઓશરીમાં રાખવામાં આવેલ હતો. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસ સ્ટેશન આવ્યા બાદ આ ગુનાના કામે બીજી કોઈ કાર્યવાહી કરવાનો તેમને પ્રસંગ બનેલ નથી. વધુમાં કબુલ કરેલ છે કે, તેમને એસ.પી. સાહેબ તરફથી પ્રોહિબિશન, જુગાર તથા અન્ય ગુનાઓ અંગે અવારનવાર ડ્રાઇવ ચલાવવાની સૂચનાઓ આપવામાં આવતી હોય છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પ્લાસ્ટિકનું કેરેટ બજારમાંથી સહેલાઈથી મળી આવે છે. આ સિવાય ડીનાઇલ સ્વરૂપના સવાલો પુછીને આ સાહેદના પુરાવાને પડકારેલ છે.

(૧૨) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૭) વિપુલકુમાર રામસિંહભાઇ રાઠોડને આંક–૨૬ થી** સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, તેઓ તા.૨૦/૪/૨૩ ના રોજ વેરાવળ સીટી પોલીસ સ્ટેશને ખાતે ૦૯:૦૦ વાગ્યે તેઓની ફરજ ઉપર હાજર હતા ત્યારે કલાક ૦૯:૫૫ વાગ્યે વેરાવળ સીટી પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. કંચનબેન રાઠોડે તેઓને ટેલીફોનીક જાણ કરેલ કે ગીર–સોમનાથ જીલ્લા કન્ટોલમાંથી નોંધાવેલ છે કે મો.નં. ૯૨૨૮૧૧૭૬૧૭ ઉપરથી કીરમાણી રોડ ઉપર એક મહિલા ખુલ્લામાં શંકાસ્પદ ગૌમાસનું વેચાણ કરે છે અને તેનું મોબાઈલ લોકેશન અને તેઓને મંજુરી આપેલ ત્યારે આ લોકેશન ઉપર કાર્યવાહી કરવા તેઓને એલ.એલ.પરમારે સુચના આપતા તેઓ તથા અનિરૂધ્ધભાઈ રાયજાદા, દેવદાનભાઈ કુંભારવાડીયા, ધવલભાઈ મહેતા તથા વિનોદભાઈ ખાટુભાઈ પોલીસ વાહનમાં પોલીસ ચોકથી રવાના થઈ વર્ધીવાળી જગ્યાએ રૂબરૂ જઈ નજીકમાંથી પંચોને બોલાવી અને અરસ પરસ અંગઝડતી કરેલ અને બનાવની સમજ આપી અને

માર્કેટમાં જતાં શંકાસ્પદ મહિલા ખુલ્લા કેરેટમાં જાહેર જગ્યામાં પ્લાસ્ટીકના કેરેટ રાખી વેચાણ કરતા હોવાનું જોવા મળેલ જેથી પંચોની રૂબરૂમાં આ મહિલાનું નામ સરનામું પુછતા તેઓએ તેઓનું નામ આયશાબેન જુમાભાઈ સીપીયા રહે. વેરાવળવાળા હોવાનું જણાવેલ અને તેઓએ પંચોની હાજરીમાં તેઓને માસ વેચવા માટેનું લાયસન્સ ધરાવે છે કેમ તે અંગેનું પુછપરછ કરતા તેઓએ આવુ કોઈ લાયસન્સ નહી ધરાવતા હોવાની હકીકત જણાવેલ. ત્યારબાદ આ તમામ જથ્થો વેરાવળ સીટી પોલીસ સ્ટેશને લઈ ગયેલ અને તે અંગેનું પંચનામું કલાક ૧૦:૧૫ થી ૧૧:૩૦ સુધીનું કરેલ અને એફ.એસ.એલ. કાઉમીટ માટે આ વાહન આવ્યેથી વધુ તપાસર્ણી અર્થે આ પંચનામું સ્થગિત કરેલ. ત્યારબાદ આજ દિવસે કલાક ૧૬:૧૫ વાગ્યે કાઉમીટ વાન એફ.એસ.એલ. રાજકોટ વેરાવળ સીટી પોલીસ સ્ટેશને આવી જતાં પંચોની હાજર રહેવા સુચના આપતા અને કાઉમીટ વાહનના મટનના જથ્થાનું પરીક્ષણ કરવામાં આવેલ અને એફ.એસ.એલ. રાજકોટ શંકાસ્પદ માસ મટનના કુલ-૫ નમુના પરીક્ષણ અર્થે લીધેલ. જેમાં નમૂના ૧ તથા ૨ માં સદર માસ ગૌમાસ હોવાનું તેમજ નમુના ૩ તથા ૪ મા સદર માસ ભેંસનુ હોવાનુ તથા નમુના ૫ વાળુ સદર માસ ગૌમાસ તથા ભેંસનુ મીલ હોવાનું જણાવેલું. ત્યારબાદ શંકાસ્પદ માસનો જથ્થો અને પ્લાસ્ટીકનું કેરેટ નંગ-૧ કે જે ૧૨ કિ.ગ્રા. નું હતું તે તમામની કુલ કિ.રૂા. ૧૮૦૦/- ગણી કબજે કરેલ. ત્યારબાદ આયશાબેન જુમાભાઈને આ શંકાસ્પદ માસનો જથ્થો કોણે પુરો પાડેલ તે અંગે પુછતા તેઓએ સદર માસ મટનનો જથ્થો પ્રભાસ પાટણના મુસ્તાક ઉર્ફે સીદીક રહીમ ચૌહાણ પાસેથી લેવાનું જણાવેલું. આ પંચનામું તા. ૨૦/૪/૨૩ ના રોજ કલાક ૧૬:૧૫ થી ૧૮:૦૦ સુધી તેઓની હાજરીમાં થયેલ. આરોપીઓ પાસેથી સદર માસ-મટનનો જથ્થો રેઈડ દરમ્યાન પંચનામાની વિગતે કબજે કરતા તેમજ બંને આરોપીઓએ એક બીજાની મદદગારી કરી ખુલ્લે આમ ગૌમાસ મટનનો વેચાણ કરી હિન્દુ ધર્મની લાગણી દુભાય તે રીતે ગુન્હો કરેલ હોય તેઓની સામે આઈ.પી.સી. તથા ગૌ રક્ષણ સરક્ષણ તથા એનીમલ પ્રુવલ્ટીના કાયદાની જોગવાઈ મુજબ આ કામના તપાસ કરનારે ગુન્હો નોંધી, અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે જે તમામ કાર્યવાહી તેઓ સાથે અને હાજર હતા.

(૧૨.૧) આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એવુ જણાવેલ છે કે, બનાવ વખતે તેઓ વેરાવળ સીટી પોલીસ સ્ટેશનમાં ડી સ્ટાફમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. વધુમા કબુલ કરે છે કે, રાત્રીના સમયે રોલકોલ કરવામાં આવે છે. વધુમા કબુલ કરે છે કે, બનાવના આગલે દિવસે તેમની નોકરીનો સમય અને સ્થળ કયુ હતુ તે હાલ તેઓને યાદ નથી. સાહેદ જણાવે છે કે, તેઓ પોલીસ ડીપાર્ટમેન્ટમાં ર૪ કલાક નોકરી કરવા માટે બંધાયેલા છીએ. આગળ કબુલ કરે છે કે, જુબાની આપતા પહેલા તેઓએ તેમનુ નિવેદન વાંચેલું છે. વધુમા સ્વીકારે છે કે, તેઓએ તેમની સરતપાસમાં જે વ્યકિતનો ફોન આવેલ હોવાનું જણાવેલ છે તે તેમની હાજરીમાં આવેલ નથી. આગળ કબુલ કરે છે કે, ફોન તેમની હાજરીમાં આવેલ ન હોય જેથી ફોનમાં શું વાતચીત થયેલી તેની તેઓને ખબર નથી. વધુમા સ્વીકારે છે કે, ફોન આવ્યા બાદ રેઈડ કરવા અંગે કોઈ લેખિતમાં હુકમ કરવામાં આવેલ નથી. સાહેદ જણાવે છે કે, પો.સ્ટે. અમલદાર ધ્વારા ટેલીફોનિક વર્ધી આપવામાં આવેલી. તેઓને કયાં ટેલીફોન નંબરથી વર્ધી આપવામાં આવેલી તે હાલ તેઓને યાદ નથી. ટેલીફોનીક વર્ધી આપવામાં આવેલી તે સમયે તેઓ ડી સ્ટાફ ઓફીસમાં હતા. ડી સ્ટાફની કામગીરીમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની, પો.સ્ટે. વિસ્તારમાં ગે.કા. પ્રકૃતિ થાય તેને રોકવાની અને કોઈ પણ ગુન્હા બને તે અંગેની તપાસ કરવાની હોય છે. બનાવના દિવસે તેઓને ગુન્હા અંગે કેટલા ફોન આવેલા અને તેઓને કેટલી જગ્યાએ રેઈડ કરેલ તે હાલ તેઓને યાદ નથી. વેરાવળ પો.સ્ટે.માં કુલ ૪ પોલીસ ચોકી આવેલી છે. વધુમા સ્વીકારે છે કે, કોઈ પણ બાતમી તેમને મળે એટલે તુરત જ બે પંચોને બોલાવી પ્રાથમિક પંચનામું કરવાનું હોય છે. વધુમા કબુલ કરે છે કે, પ્રાથમિક પંચનામું કરતા પહેલા પંચો તથા પો.સ્ટાફના માણસોની અરસ પરસ અંગઝડતી કરવાની હોય છે. તેઓએ ડી સ્ટાફની ઓફીસની બહાર પ્રાથમિક પંચનામું કરેલ નથી. તેઓને ટેલીફોનીક વર્ધી મળતા તેઓ તુરત જ સાથેના પો.સ્ટાફ સાથે નીકળી ગયેલા. વધુમા કબુલ કરે છે કે, સરકારી વાહનમાં લોકબુક હોય છે. તેઓ જે સરકારી વાહનમાં ગયેલા તેના ડ્રાઈવરનું નામ હાલ તેઓને યાદ નથી. લોકબુકમાં નોંધ કરેલ કે કેમ તેની તેઓને ખબર નથી. તેઓ ડી સ્ટાફની કચેરીથી નીકળ્યા બાદ રસ્તામાં ભાલકા ચોકીના એ.એસ.આઈ. શ્રી લગધીરભાઈ પરમાર સાથે ટેલીફોનીક વાતચીત

થયેલી. તેઓ ડી સ્ટાફની કચેરીએથી સીધા બનાવવાળી જગ્યાએ ગયેલા સાહેદ જણાવે છે કે, રસ્તામાં તેઓને ભાલકા ચોકીના પો.સ્ટાફ મળેલા. તેઓ કઈ જગ્યાએ ભેગા થયેલા તે હાલ તેઓને યાદ નથી. તેઓ જે જગ્યાએ ભેગા થયેલા ત્યાં રોકાયેલા નહી. વધુમા કબુલ કરે છે કે, બનાવવાળી જગ્યાએ રહેણાંકીય વિસ્તાર આવેલો છે અને તે ભરચક વિસ્તાર છે. આગળ સ્વીકારે છે કે, બનાવવાળી જગ્યાએ માર્કેટ આવેલું છે અને ત્યાં સવારના સમયે ધણાબધા માણસો ખરીદી કરવા આવતા હોય છે. બનાવવાળી જગ્યાએ તેઓને કોની સાથે વાતચીત કરવાનો પ્રસંગ બનેલ નથી. વધુમા કબુલ કરે છે કે, બનાવવાળી જગ્યાના ૨–૩ કિ.મી.ના વિસ્તારમાં મુસ્લીમ વસ્તી આવેલ છે. તેઓ બનાવવાળી જગ્યાએ આશરે ૪૫ મિનિટ સુધી રોકાયેલા. વધુમા સ્વીકારે છે કે, બનાવવાળી જગ્યાએ આવેલ ઝુપડુ કોની માલિકીનું હતું તે અંગે તેઓને કોઈની સાથે વાતચીત કરવાનો પ્રસંગ બનેલ નથી. વધુમા કેરેટ કોની માલિકીનું હતું તેનો દસ્તાવેજી પુરાવો તેઓએ જોયેલ નથી. પંચોને લગધીરભાઈએ આજુબાજુથી બોલાવેલા. આગળ સ્વીકારે છે કે, તેઓએ એફ.એસ.એલ.નો કોઈ અભ્યાસ કે કોર્ષ કરેલ નથી. વધુમા સ્વીકારે છે કે, તેઓએ એફ.એસ.એલ.નો કોઈ અભ્યાસ કે કોર્ષ કરેલ ન હોય બનાવ સમયે પકડાયેલ માસનો જથ્થો શેનો હતો તે તેઓ ચોકકસ કહી શકે નહીં. આગળ સ્વીકારે છે કે, રેઈડ દરમ્યાન તેઓએએ આરોપીને અટક કરેલ નથી. વધુમા કબુલ કરે છે કે, એફ.એસ.એલ.નો રીપોર્ટ આવ્યા પહેલા ત.ક.અમલદારે તેઓનુ નિવેદન લીધેલું. આગળ કબુલ કરે છે કે, આ કામે તેઓનુ ફરીથી કોઈ વિશેષ નિવેદન લેવામાં આવેલું નથી. વધુમા કબુલ કરે છે કે, બનાવવાળી જગ્યાએથી તેઓએ કોઈ ગ્રાહકને પણ પકડેલ નથી. તેઓ રીક્ષામા પકડાયેલ માસનો જથ્થો પોલીસ સ્ટેશન લાવેલા. વધુમા કબુલ કરે છે કે, તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં સ્ટેશન ડાયરીની નોંધ નંબર, સમય, તારીખ તેવી કોઈ વિગત જણાવેલ નથી. આગળ કબુલ કરે છે કે, તેમના પોલીસ રૂબરૂના નિવેદનમા પંચોના નામ પણ જણાવેલા નથી. વધુમા સ્વીકારે છે કે, માસ–મટનના જથ્થાને અમુક સમયની અંદર ઠંડામાં રાખવામાં ન આવે તો તે બગડી જવાની શક્યતા રહે છે. સાહેદ જણાવે છે કે, સદર મુદામાલ બરફ રાખવામાં આવેલ હતો. બરફ કોણ લેવા ગયેલું તે હાલ તેઓને યાદ નથી. મુદામાલ

પો.સ્ટે.માં કયાં રાખવામાં આવેલો તે હાલ તેઓને યાદ નથી. પકડાયેલ મુદામાલ ચોકી સ્ટાફની નીગરાણીમાં રાખવામાં આવેલો. ચોકી સ્ટાફ વિનોદભાઈ અને ધવલભાઈ હતા. વધુમા કબુલ કરે છે કે, રેઈડ દરમ્યાન કોઈ મુદામાલ મળી આવે ત્યારે તે અંગેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરવાની હોય છે. મુદામાલ અંગેની નોંધ સ્ટેશન ડાયરીમાં એ.એસ.આઈ. લગધીરભાઈ પરમારનાઓએ કરેલી. મુદામાલ પોલીસ સ્ટેશને લાવ્યા બાદ એફ.એસ.એલ.ની ટીમ આશરે ૪–૫ કલાક જેટલો સમય લાગેલો. પોલીસ સ્ટેશન આવ્યા બાદ તેઓએ આ ગુન્હા સિવાય અન્ય તેમની રુટીંગ કામગીરી કરેલી. તેઓ પોલીસ સ્ટેશનને પરત આવ્યા બાદ કોઈ રેઈડમાં ગયેલા કે કેમ તે હાલ તેઓને યાદ નથી. વધુમા સ્વીકારે છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં " તા. ૨૦/૪/૨૩ ના કલાક ૧૬:૧૫ વાગ્યે કાવમીટ વાન એફ.એસ.એલ. રાજકોટનાઓ વેરાવળ સીટી પો.સ્ટે. ખાતે આવી જતા આપશ્રીએ પંચોને બોલાવી પંચો રૂબરૂ કાઉમીટ વાન એફ.એસ.એલ. રાજકોટ નાઓ પાસે માસ મટનનું પરીક્ષણ કરાવતા" એવું નિવેદન આઈ.ઓની રૂબરૂમાં લખાવેલ. આગળ સ્વીકારે છે કે, પ્લાસ્ટીકની કેરેટ બજારમાંથી સહેલાઈથી મળી આવે છે.

## :: પંચ સાહેદોનો પુરાવો ::

(૧૩) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૧) વલીમહમદ સીદીકભાઈ પરમારને આંક–૧૭ થી** તથા બીજા પંચ **સાહેદ નં. (૪) એજાજભાઈ ઈબ્રાહીમભાઈ ચૌહાણને આંક–૨૨ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ આંક–૧૮ થી રજૂ થયેલ આરોપીઓના અટક પંચનામામા પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ સિવાય પંચનામાની કાર્યવાહીને લેશમાત્ર સમર્થન કરેલ ન હોવાથી તેઓને ફરીયાદપક્ષ દ્વારા ફરી ગયેલા સાહેદ જાહેર કરીને ઉલટતપાસ કરવાની પરવાનગી મેળવી, આ પંચ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે, પરંતુ તે ઉલટતપાસથી પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી.

(૧૪) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૨) અસ્લમમીયા અસરફમીયા સૈયદને આંક–૧૯ થી** તથા બીજા પંચ **સાહેદ નં. (૩) સેહજાદ મકસુદભાઈ બ્લોચને આંક–૨૧ થી** સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ આંક–૨૦ થી રજૂ થયેલ રેઈડ અંગેના પંચનામામા પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ સિવાય પંચનામાની કાર્યવાહીને લેશમાત્ર સમર્થન કરેલ ન હોવાથી તેઓને ફરીયાદપક્ષ દ્વારા ફરી ગયેલા સાહેદ જાહેર કરીને ઉલટતપાસ કરવાની પરવાનગી મેળવી, આ પંચ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે, પરંતુ તે ઉલટતપાસથી પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી.

**:: <u>પોલીસ તથા અન્ય સાહેદોનો પુરાવો</u> ::**

(૧૫) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૫) કંચનબેન વજુભાઈ રાઠોડને આંક–૨૩ થી** સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, તેઓ વેરાવળ સીટી પોલીસ સ્ટેશનમાં તા. ૨૦/૪/૨૦૨૩ ના કલાક ૦૮:૦૦ વાગ્યે પી.એસ.ઓ તરીકે ફરજ બજાવતી હતી ત્યારે આશરે ૦૯:૫૨ કલાકે તેઓને જીલ્લા પોલીસ કંન્ટ્રોલ ઓફીસમાંથી ટેલીફોનીક જાણ મો.નં. ૯૨૨૮૧૧૭૬૧૭ ઉપરથી વેરાવળ કીરમાણ રોડ ઉપર એક ઝુપડામાં જાહેરમાં શંકાસ્પદ ગૌ માસના જથ્થાનું વેચાણ થાય છે તે માહિતી મળતા તેઓએ તેમના વર્ધી રજીસ્ટરમાં તા.૨૦/૪/૨૩ ના કલાક ૦૯:૫૨ ના રોજ નોંધ કરી આગળની કાર્યવાહી કરવા માટે એ.એસ.આઈ. એલ.એલ.પરમારને વર્ધીની જાણ કરી લોકેશન મોકલી આપેલ અને તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફ ધ્વારા ખરાઈ કરતા બનાવવાળી જગ્યાએ મહિલા માસનું વેચાણ કરતી હોવાનું મળી આવતા અને આ માસ–મટનનો જથ્થા કાઉમીટ વાન રાજકોટ ધ્વારા ગૌમાસ હોવાનું પરીક્ષણ થતાં એ.એસ.આઈ. એલ.એલ.પરમારે આ ગુન્હો નોંધાવેલ. તેઓએ તા. ૨૦/૪/૨૩ ના રોજ કલાક ૦૯:૫૨ જે વાયરલેશ વર્ધીની નોંધ કરેલ છે જે આંક–૧૬ થી રજૂ કરેલ છે.

(૧૬) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૮) દીનેશભાઈ ભીમજીભાઈ જેઠવાને આંક–૩૮ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, ગઈ તા.૨૧/૪/૨૦૨૩ ના રોજ વેરાવળ સીટી પો.સ્ટેશન દ્વારા તેઓની ઓફીસના અધીકારી શ્રી ચીફ ઓફીસર સાહેબને સંબોધીને ગૌવંશના માંસ મટનના

જથ્થાનો નાશ કરવા બાબતની એક યાદી સાથે માંસ મટનનો જથ્થો ભરેલ પ્લાસ્ટીકનુ કેરેટ નંગ–૧ જેમાં આશરે બાર કીલોગ્રામ જેટલો મુદામાલ માંસ મટન હોવાનું જાણવા મળેલુ. આ યાદી તથા મટનનો જથ્થો તેઓની કચેરી દ્વારા સ્વીકારી તેઓને આ બાબતે યોગ્ય નીકાલ કરવા માટે જણાવતા તેઓએ આ જથ્થાનો નાશ કરી અને તેની પહોંચ તા.૨૫/૪/૨૦૨૩ ના રોજ તેમની કચેરીના જાવકથી પી.આઇ. શ્રી વેરાવળનાઓને આપેલી. વધુમા આ સાહેદના પુરાવામાં આંક–૩૯ થી ગૌમાસના જથ્થાનો નાશ કરવા માટેની યાદી તથા આંક–૪૦ થી ગૌમાંસનો નાશ કર્યાની પહોંચ રજૂ થયેલ છે.

**(૧૬.૧)** આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં જણાવેલ છે કે, સેનેટરી ઈન્સપેકટર નીવૃત થતા તેઓને તેનો ચાર્જ સોંપવામાં આવેલ. તેઓ આ શાખામાં કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા. વધુમા કબુલ કરે છે કે, તેઓની નીમણુક ઈન્ચાર્જ સેનેટરી ઈન્સપેકટર તરીકે થયેલ હોય તે અંગેનો કોઇ પુરાવો તેઓએ ત.ક.અમલદારને આપેલ નથી. મુદામાલ તેઓની કચેરીએ મોકલવામાં આવેલ નહી. સાહેદ જણાવે છે કે, તેઓએ તે મુદામાલ પોલીસ સ્ટેશનથી મેળવેલો. પોલીસ સ્ટેશનમાંથી મુદામાલ લેવા માટે તેઓની ઓફીસના માણસો ગયેલા. આગળ સ્વીકારે છે કે, આ મુદામાલ તેઓને મેળવવાનો પ્રસંગ બનેલ નહી.વધુમા કબુલ કરે છે કે, કહેવાતા મુદામાલનું તેઓએ વજન કરેલ નહી. આગળ સ્વીકારે છે કે, તેઓની ઓફીસના માણસોએ મુદામાલ નાશ કરતા પહેલા કોઈ પંચનામુ કરેલ નહી. વધુમા સ્વીકારે છે કે, કહેવાતા મુદામાલનો નાશ કરતી વખતે કોઇ વીડીયોગ્રાફી કે ફોટોગ્રાફી તેઓની ઓફીસ દ્વારા કરેલ નહી. આગળ એવુ પણ કબુલ કરે છે કે, આંક–૪૦ વાળ દસ્તાવેજમાં કહેવાતો મુદામાલ કોના દ્વારા અને કઇ રીતના નાશ કરેલો તેવી કોઇ હકીકત જણાવેલ નથી. વધુમા સ્વીકારે છે કે, આંક–૪૦ વાળા રીપોર્ટમાં "આ જથ્થાનો નાશ કરવા માટે જમીનમાં ખાડો ખોદી અને તેનો નાશ કરેલો છે'' તેવો ઉલ્લેખ કરેલ નથી.

## <u>ફરીયાદપક્ષે રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન</u>

**<u>મુદ્દા નંબર– ૧ :–</u>**

**(૧૭)** ફરીયાદપક્ષે આરોપીઓ સામેનું આક્ષેપિત તહોમત પુરવાર કરવા માટે રજૂ કરેલ ઉપરોકત મુજબના મૌખિક તેમજ દસ્તોવજી પુરાવાનું મૂલ્યાંકન કરતા

પહેલા પુરાવાના મૂલ્યાંકન અનુસંધાને નામ. સર્વોચ્ચ અદાલત ધ્વારા તેના અનેકવિધ ચુકાદાના માધ્યમથી પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શક સિધ્ધાંતોની તેમજ કાયદાકીય જોગવાઈઓની નોંધ લેવી અત્યંત મહત્વપુર્ણ બની રહેશે. જેનો સાર નીચે મુજબ વર્ણવી શકાય.

**(૧૭.૧)** કોઈપણ ફોજદારી પ્રકારની શરૂઆતની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવે છે, ત્યારે સામાન્ય રીતે બે પ્રકારના અનુમાનો સાથે ટ્રાયલ ચલાવાની હોય છે. પ્રથમ અનુમાનમાં આરોપીએ કરેલ ગુનામાંથી તે નિર્દોષ છે તે અનુમાન સાથે ફોજદારી પ્રકારની શરૂઆત કરવામાં આવતી હોય છે અને આરોપી વિરૂધ્ધમાં કરવામાં આવતા આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની હોય છે અને તે જવાબદારી કોઈપણ સમયે ઓછી થતી નથી અને તેની સાથોસાથ જે સાહેદો કોર્ટમાં આવીને સોગંદ ઉપર જુબાની આપતા હોય, તેઓ સાચુ જ બોલતા હોય છે, તેવા અનુમાન સાથે ફોજદારી પ્રકરણમાં ન્યાયીક વિશ્લેષણ કરવામાં આવતુ હોય છે અને તે માટે ભારતીય પુરાવા અધિનિયમમાં કોઈ ચોકકસ માપદંડ કે જોગવાઈ કે નિતિ નિયમ ઘડવામાં આવ્યા નથી એટલે કે, ફોજદારી પ્રકરણમાં દરેકે દરેક હકીકતો અને તેની આજુબાજુના સંજોગો જુદા જુદા હોવાથી જે તે કેસની હકીકતોને લક્ષમાં લઈને અને તેમાં ફરીયાદપક્ષે પોતે રજૂ કરેલા પુરાવાનું વિશ્લેષણ કરવાનું હોય છે. અદાલતે બે પ્રકારની જવાબદારી નિભાવવાની હોય છે. પ્રથમ પ્રકારની જવાબદારીમાં અદાલતે એ જોવાનું હોય છે કે, કોઈપણ નિર્દોષ માણસને સજા ન થાય પણ સાથો સાથ અદાલતે એ પણ જોવાનું હોય છે કે એ ગુનેગાર તેણે કરેલ ગુનાહીત કૃત્યમાંથી છટકી પણ ન જાય, સાહેદો કોર્ટમાં જુબાની આપતા હોય છે ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતા હોતા નથી અને તેઓ કાયદાની આંટીઘુંટીથી પરીચીત હોતા નથી અને એવા સંજોગોમાં તેઓ ઘણીવાર પોતાની જુબાનીમાં વિરોધાભાષ, વિસંગતતા, અસંગતતા અને અતિરેક પેદા કરતા હોય છે અને તેના કારણે ફરીયાદપક્ષના કેસ ઉપર કોઈ વિપરીત અસર પડતી ન હોય તો આવી અસંગતતા, વિસંગતતા અને અતિરેક દરગુજર કરવા જોઈએ. પણ જો આવો અતિરેક કે વિસંગતતા કે વિરોધાભાષના કારણે ફરીયાદના મુળને અસર કરતા હોય તો તેનો લાભ આરોપીને મળવા પાત્ર છે. કાયદા ના અર્થમાં એ હકીકત છે કે સ્વતંત્ર સાહેદ એક એવી વ્યકિત છે કે જે

પોતે કાંઈ જાણે છે તે જણાવી દે છે, જયારે હિત ધરાવનાર સાહેદ જે જાણે છે તેના કરતા કયારેય વધુ પડતુ કહેતા હોય છે અને તેને માત્ર પરીણામમાં રસ હોય છે. કારણ કે, તેને કોઈ પક્ષ સાથે નિસ્બત હોય છે. કોઈને બચાવવા માંગે છે. હિત ધરાવનાર સાહેદ શું બન્યુ છે તેના કરતા જુબાનીમાં શું કહેવુ અને શું ન કહેવુ તેની માનસીક તૈયારી કર્યા બાદ જુબાની આપે છે. આવી જુબાની સપુર્ણ ખોટી પણ હોતી નથી કે સંપુર્ણ સાચી પણ હોતી નથી. સ્વતંત્ર સાહેદ જે કાંઈ જાણે છે અથવા કહે છે. જયારે હિત ધરાવનાર સાહેદ જાણીબુઝીને અથવા કાંઈ વધારે કહે છે, તેથી તે સ્વતંત્ર સાહેદથી અલગ પડે છે. આથી રેકર્ડ ઉપર જ્યારે હિત ધરાવનાર સાહેદો અને સ્વતંત્ર સાહેદો હોય ત્યારે સાહેદોના પુરાવાની છણાવટ અને મુલ્યાંકન અત્યંત સભાનતાથી અને સાવચેતીપુર્વક કરવાનું હોય છે અને એ પણ હકીકત છે કે, કોઈપણ પ્રકારનો પુરાવો હોય પણ તેમાં જયારે શંકાનું તત્વ પ્રવેશે ત્યારે એવો પુરાવો ફરીયાદપક્ષની નિષ્ફળતામાં પરીણમે છે. વિશેષમાં શંકા આખરે શંકા છે અને તે ગમે તેટલી દ્રઢ અને મજબુત હોય તો પણ તે સાબિતીનું સ્થાન લઈ શકે નહી. આથી જયારે ફરીયાદપક્ષનો પુરાવો આધારભુત, વિશ્વસનીય અને માનવાલાયક હોય અને કોઈપણ તબકકે તે પડકારી શકાય તેવો ન હોય અને તમામ શંકાથી પર હોય ત્યારે આરોપી સામેનો ગુનો પુરવાર થયેલ ગણાય છે. ફોજદારી કાયદાના સિધ્ધાંતો ધ્યાને લેતા એ સ્પષ્ટ છે કે " જે વ્યકિત સામે ગુનો નોંધાયેલ હોય, તે વ્યકિત દોષિત સાબિત ના થાય ત્યાં સુધી તે નિર્દોષ છે " તેવા પુર્વાનુમાન સાથે કેસની કાર્યવાહી આગળ ચલાવવી જોઈએ. વધુમાં '' ફરીયાદ પક્ષે જે વ્યકિત ઉપર આરોપ લગાવેલ છે તે, નિ:શંકપણે સાબિત કરવા જોઈએ." એટલે કે, જે વ્યકિત સામે કોઈ ગુનો કર્યાનો આરોપ છે, તેજ વ્યકિતએ ગુનો કર્યો છે, તે સિવાય અન્ય કોઈ વ્યકિતએ ગુનો કર્યો નથી, તેવી હકીકત ફરીયાદપક્ષે નિ:શંકપણે સાબિત કરવી જોઈએ. આ સાબિતીનો બોજો ફરીયાદપક્ષ પર જ લાદવામાં આવેલ છે. ફરીયાદપક્ષે આરોપી સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે. આ હકીકતને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી પણ અનુમોદન મળે છે કે પોતે પ્રતિપાદન કરે છે, તે હકીકતોના અસ્તિત્વના આધાર પરથી કોઈ અદાલત કોઈ કાનુની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો આપે, તેણે તે હકીકત અસ્તિત્વમાં છે, તેમ સાબિત કરવુ પડે. જયારે કોઈ હકીકતોનું

અસ્તિત્વ સાબિત કરવા એક વ્યકિત બંધાયેલ હોય ત્યારે એમ કહેવાય કે, વ્યકિત ઉપર સાબિતીનો બોજો છે. તેવી જ રીતે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૩ માં આ નિયમ દર્શાવેલો છે તે મુજબ, '' કોઈ ચોકકસ હકીકત અંગે સાબિતીનો બોજો તે વ્યકિત ઉપર રહે છે કે જે તેનું અસ્તિત્વ અદાલત માને તેમ ઈચ્છતી હોય, સિવાય કે તે હકીકતની સાબીતી કોઈ ચોકકસ વ્યકિત પર રહેશે, તેવી જોગવાઈ કોઈ કાનુનથી કરવામાં આવી હોય. આમ કાયદા મુજબ ફરીયાદપક્ષ ઉપર પોતાનો કેસ કે આરોપી સામેનો ગુનો સાબીત કરવાની જવાબદારી લાદવામાં આવેલી છે. સાહેદો કોર્ટમાં જુબાનીઓ આપતા હોય છે ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતા હોતા નથી અને કાયદાની આંટીઘુંટીથી બરાબર પરીચીત હોતા નથી. તે સંજોગોમાં તેઓની જુબાનીઓમાં વિરોધાભાષ, વિસંગતતા અને અતિરેક પેદા કરતા હોય છે અને તે કારણે જે ફરીયાદપક્ષના કેસ ઉપર જો કોઈ વિપરીત અસર પડતી ના હોય તેવા વિરોધાભાષ, વિસંગતતાં કે અતિરેકને દરગુજર કરવા જોઈએ. પરંતુ જો આવો વિરોધાભાષ, વિસંગતતા કે અતિરેક ફરીયાદપક્ષના કેસના મુળને અસર કરતી હોય તો તેનો લાભ આરોપીપક્ષને મળવો જોઈએ.

(૧૮) હવે ફરીયાદપક્ષે તપાસેલ સાહેદ લખધીરભાઈ લખમણભાઈ પરમારના પુરાવાનું મૂલ્યાંકન કરવાં આવે તો તેઓ આ કામમાં ફરિયાદી, રેડિંગ પાર્ટીના સભ્ય તથા તપાસ કરનાર અમલદાર, એમ ત્રણેય ભૂમિકા ધરાવે છે. આ સાહેદે પોતે કરેલ રેઈડની કાર્યવાહી મુજબનો પુરાવો પોતાની સરતપાસમાં આપેલ છે, પરંતુ તેઓએ બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બાતમીદારના મોબાઈલ નંબરની ખરાઈ કરવામાં આવેલ નથી તથા બાતમીદારનું કોઈ નિવેદન લેવામાં આવેલ નથી. વધુમાં કબુલ કરેલ છે કે, રેઈડમાં ઉપયોગમાં લેવાયેલા વાહનોની લોગબુક તપાસમાં કબજે કરવામાં આવેલ નથી. સદર હકીકત પણ કબુલ કરેલ છે કે, રેઈડવાળી જગ્યા રહેણાંક તથા સતત અવરજવરવાળી હોવા છતાં આજુબાજુના કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદનો લેવામાં આવેલ નથી. વધુમાં કબુલ કરેલ છે કે, રેડિંગ પંચનામામાં રેડિંગ પાર્ટીના સભ્યોના નામ દર્શાવવામાં આવેલ નથી તથા પંચનામું સ્થળ ઉપર ગયા બાદ લેપટોપ/કમ્પ્યુટરથી તૈયાર કરવામાં આવેલ છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કહેવાતો મુદામાલ શીલ કરવામાં આવેલ નથી અને તેનું

વજન કાંટાથી કરવામાં આવેલ નથી, પરંતુ આશરે વજન કરવામાં આવેલ છે. વધુમાં કબુલ કરેલ છે કે, મુદામાલ પોલીસ સ્ટેશને કયા વાહનમાં અને કોની દેખરેખ હેઠળ લાવવામાં આવ્યો તેની વિગતો ફરિયાદ, પંચનામું કે નિવેદનમાં દર્શાવવામાં આવેલ નથી. આ ઉપરાંત, સદર સાહેદે એવી હકીકત પણ કબુલ કરેલ છે કે, બનાવના સ્થળેથી કોઈ પશુ વધનું હથિયાર મળી આવેલ નથી, કોઈ ફોટોગ્રાફી કે વિડિયોગ્રાફી કરવામાં આવેલ નથી તથા કોઈ વેટરનરી ડોક્ટરને બોલાવવામાં આવેલ નથી. વધુમાં કબુલ કરેલ છે કે, એફ.એસ.એલ. દ્વારા લેવામાં આવેલ નમુનાઓનું ત્યારબાદ શું કરવામાં આવ્યું તેનો કોઈ ખુલાસો તપાસમાં કરવામાં આવેલ નથી. તેમજ ફરિયાદ કરવાનો કાયદેસર અધિકાર દર્શાવતા કોઈ દસ્તાવેજો પણ રજૂ કરવામાં આવેલ નથી. આમ, આ સાહેદ પોતે જ ફરિયાદી તથા તપાસ અધિકારી હોવા છતાં તેમની પોતાની ઉલટતપાસમાંથી બાતમીની ખરાઈ, સ્વતંત્ર સાહેદો, રેઈડની પ્રક્રિયા, મુદામાલની શીલબંધી, વજન, પરિવહન તથા એફ.એસ.એલ. નમુનાઓની જાળવણી અંગે મહત્વપૂર્ણ ખામીઓ બહાર આવે છે તેમજ બનાવવાળી જગ્યા રહેણાંકી વિસ્તાર હોવા છતાં કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ નથી કે ફરીયાદપક્ષ દ્વારા આવા કોઇ સ્વતંત્ર સાહેદોને આ કામે તપાસવામાં આવેલા નથી અને તેથી માત્ર આ સાહેદના પુરાવાના આધારે આરોપીઓ પાસેથી કહેવાતો મુદામાલ કાયદેસર રીતે અને નિર્વિવાદ રીતે મળી આવેલ હતો તથા આરોપીઓએ ગુનો કર્યો હતો તેવું શંકાથી પર સાબિત થયેલ હોવાનું કહી શકાય નહીં. આથી, આ સાહેદની જુબાની ફરિયાદપક્ષના કેસને જરૂરી વિશ્વસનીય સમર્થન આપતી નથી અને તેનો લાભ આરોપીઓને મળવાપાત્ર બને છે.

(૧૯) વધુમા ફરીયાદપક્ષ દ્વારા રેડીંગ પાર્ટીના અન્ય બે સભ્યો જેવા કે સાહેદ અનિરૂધ્ધસિંહ જયવંતસિંહ રાયજાદા અને સાહેદ વિપુલકુમાર રામસિંહ રાઠોડને તપાસેલ છે. તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરવાનો પ્રયત્ન કરેલ છે, પરંતુ તેઓએ પણ ઉલટતપાસમાં એવી હકીકતો સ્વીકારેલ છે કે, રેઈડ અંગે કોઈ લેખિત હુકમ કરવામાં આવેલ ન હતો તથા બાતમી મળ્યા બાદ પ્રાથમિક પંચનામું કરવામાં આવેલ નથી તેમજ બનાવવાળી જગ્યા રહેણાંક તથા ભરચક વિસ્તાર અને માર્કેટવાળી હોવા છતાં ત્યાંના કોઈ સ્વતંત્ર વ્યક્તિ સાથે વાતચીત

કરવામાં આવેલ નથી. આ ઉપરાંત ઝૂંપડું કોની માલિકીનું હતું તેની કોઈ તપાસ કરવામાં આવેલ નથી તથા કેરેટની માલિકી અંગે કોઈ દસ્તાવેજી પુરાવો જોવામાં આવેલ નથી તેમજ રેઈડ દરમિયાન કોઈ આરોપીની ધરપકડ કરવામાં આવેલ નથી અને એફ.એસ.એલ. રિપોર્ટ આવ્યા પહેલાં જ તેમનું નિવેદન લેવામાં આવેલ છે. આમ, આ બન્ને સાહેદોની ઉલટતપાસ ઉપરથી મહત્વપૂર્ણ ખામીઓ રેકર્ડ ઉપર આવે છે અને તેથી આવી શંકાસ્પદ પુરાવા ઉપર આધાર રાખીને આરોપીઓ સામેનો કેસ પુરવાર થયેલો માની શકાય નહીં.

(૨૦) વધુમા ફરીયાદપક્ષ દ્વારા પોતાનો કેસ પુરવાર કરવા સારૂ સાહેદ દીનેશભાઈ ભીમજીભાઈ જેઠવાને તપાસવામાં આવેલા છે. તેઓના પુરાવા મુજબ તેઓ વેરાવળ નગરપાલિકામાં સેનેટરી ઈન્સ્પેક્ટરની ફરજનો ચાર્જ સંભાળતા હતા અને પોલીસ દ્વારા મોકલવામાં આવેલ કહેવાતો મુદામાલ સ્વીકારી તેનો નાશ કરવામાં આવ્યો હોવાનું જણાવે છે. પરંતુ તેમની ઉલટતપાસમાંથી મુદામાલની ઓળખ તથા નાશની કાર્યવાહી અંગે મહત્વપૂર્ણ ખામીઓ રેકર્ડ ઉપર આવે છે. તેઓએ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઈન્ચાર્જ સેનેટરી ઈન્સ્પેક્ટર તરીકે તેમની નિમણૂક થયેલ હોવા અંગેનો કોઈ દસ્તાવેજ તેમણે તપાસ અધિકારીને આપેલ નથી. વધુમાં કબુલ કરેલ છે કે, કહેવાતો મુદામાલ તેમની કચેરીએ મોકલવામાં આવેલ નહોતો, પરંતુ તેમની કચેરીના માણસો પોલીસ સ્ટેશનથી મુદામાલ લઈ આવ્યા હતા અને પોતે વ્યક્તિગત રીતે મુદામાલ મેળવવા ગયેલા નહોતા. વધુમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કહેવાતા મુદામાલનું વજન કરવામાં આવેલ નથી. વધુમાં કબુલ કરેલ છે કે, મુદામાલનો નાશ કરતાં પહેલાં તેમની કચેરીના માણસોએ કોઈ પંચનામું કરેલ નથી તથા નાશની કાર્યવાહીનું કોઈ ફોટોગ્રાફી કે વિડિયોગ્રાફી કરવામાં આવેલ નથી. આ ઉપરાંત, તેઓએ કબુલ કરેલ છે કે, આંક-૪૦ ના દસ્તાવેજમાં કહેવાતો મુદામાલ કોના દ્વારા અને કઈ રીતે નાશ કરવામાં આવ્યો તેની કોઈ વિગતો દર્શાવવામાં આવેલ નથી. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, આંક-૪૦ના દસ્તાવેજમાં મુદામાલનો નાશ કરવા જમીનમાં ખાડો ખોદી તેનો નાશ કરવામાં આવ્યો હોવાનો કોઈ ઉલ્લેખ નથી. આમ, આ સાહેદનો પુરાવો માત્ર એટલી હદ સુધી છે કે પોલીસ તરફથી કહેવાતો મુદામાલ નગરપાલિકાને આપવામાં આવ્યો અને તેનો નાશ કરવામાં આવ્યો હોવાનું જણાવાય છે. પરંતુ

મુદામાલની ચોક્કસ ઓળખ, વજન, નાશની પદ્ધતિ, નાશની પ્રક્રિયા તથા તે જ મુદામાલનો નાશ કરવામાં આવ્યો હતો કે નહીં તે અંગે તેમની પોતાની કોઈ સીધી અને વિશ્વસનીય સાક્ષી નથી. તેમની ઉલટતપાસમાં બહાર આવેલી ઉપરોક્ત સ્વીકૃત હકીકતોને ધ્યાનમાં લેતાં, આ સાહેદનો પુરાવો ફરિયાદપક્ષના કહેવાતા મુદામાલ અંગેના કેસને નિર્વિવાદ રીતે સમર્થન આપતો નથી. તેથી આ સાહેદના પુરાવામાંથી પણ આરોપીઓ વિરુદ્ધનો કેસ શંકાથી પર સાબિત થતો નથી. વધુમા આંક–૨૦ થી રજૂ થયેલ રેઈડ અંગેના પંચનામાના બંને પંચ સાહેદોઓને કોર્ટ સમક્ષ તપાસવામાં આવતા તેઓએ પંચનામામાં દર્શાવેલ રેઈડ તથા જપ્તીની કાર્યવાહીનું સમર્થન કરેલ નથી. બંને પંચ સાક્ષીઓએ પંચનામાની કાર્યવાહી અંગે પ્રોસિક્યુશનના કેસને સમર્થન આપ્યું નથી. તેથી માત્ર પંચનામું રજુ કરવામાં આવ્યું છે અથવા તેના ઉપર પંચ સાક્ષીઓની સહી છે એટલા માત્રથી તેમાં દર્શાવેલ સમગ્ર હકીકતો પુરવાર થયેલ હોવાનું માની શકાય નહીં. અલબત્ત, પંચ સાક્ષીઓ હોસ્ટાઇલ થયા હોય તે એકમાત્ર કારણસર પ્રોસિક્યુશનનો કેસ આપોઆપ નિષ્ફળ જાય તેવો કોઈ કાયદો નથી અને વિશ્વસનીય પોલીસ સાક્ષીની જુબાનીના આધારે રેઈડ તથા જપ્તીની કાર્યવાહી સાબિત થઈ શકે છે. પરંતુ તે માટે પોલીસ સાક્ષીઓની જુબાની સ્વતંત્ર, વિશ્વસનીય, સુસંગત તથા અન્ય ઉપલબ્ધ પુરાવાથી સમર્થિત હોવી જરૂરી છે. હાલના કેસમાં બંને સ્વતંત્ર પંચ સાક્ષીઓએ રેઈડની કાર્યવાહીનું સમર્થન કરેલ નથી તે હકીકતને ધ્યાનમાં લેતા, રેઈડ ખરેખર પંચોની હાજરીમાં કરવામાં આવી હતી કે કેમ, જપ્તી કાયદેસરની રીતે કરવામાં આવી હતી કે કેમ તથા પંચનામામાં દર્શાવેલ હકીકતો વાસ્તવમાં બની હતી કે કેમ તે અંગે સાવચેતીપૂર્વક મૂલ્યાંકન કરવું જરૂરી બને છે. જો આ બાબતો અંગે માત્ર પોલીસ સાક્ષીઓની જુબાની જ ઉપલબ્ધ હોય અને તે જુબાનીમાં પણ મહત્વપૂર્ણ વિસંગતતાઓ, સુધારા, ઓમીશન અથવા અન્ય સંજોગો હોય, તો પંચ સાક્ષીઓના અસહકારને માત્ર ટેકનિકલ બાબત ગણી અવગણી શકાય નહીં. આવી પરિસ્થિતિમાં રેઈડ અને જપ્તીની કાર્યવાહી અંગે વાજબી શંકા ઊભી થાય અને તેનો લાભ આરોપીને મળવાપાત્ર બને. વધુમા આ કામે ફરીયાદપક્ષ દ્વારા આરોપીઓના અટક પંચનામાના પંચ સાહેદોને પણ આ કામે તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદોએ પણ પંચનામાની કાર્યવાહીને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને

તેથી ફરીયાદપક્ષ આ પંચ સાહેદોના પુરાવાથી પંચનામુ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે, ત્યારે માત્ર પોલીસ સાહેદોના પુરાવા ઉપર આધાર રાખીને આ કામના આરોપીઓ સામેનો કેસ પુરવાર થયેલો માની શકાય તેમ નથી. વધુમા સાહેદ લખધીરભાઇના પુરાવામાં રજૂ થયેલ આંક-૪૯ ના પરીક્ષણ અહેવાલ મુજબ નમુના નં. (૧) અને (૨) નું માંસ ગૌવંશના માંસ તરીકે ઓળખાયેલ, જયારે નમુના નં. (૩) અને (૪) નું માંસ ભેંસનુ માંસ તરીકે ઓળખાયેલ, જયારે નમુના નં. (૫) માં રહેલ માંસ ગૌવંશ તથા ભેંસ વંશના મીશ્ર માંસ તરીકે ઓળખાયેલ હોવાનુ જણાવવામાં આવેલ છે. આમ, પકડાયેલ માંસ તે ગૌમાંસ જ હતુ, તેવુ શંકારહીત આ આંક-૪૯ ના પરીક્ષણ અહેવાલ ઉપરથી પુરવાર થતુ નથી. વધુમા આ કામે ફરીયાદપક્ષ દ્ધારા આ પરીક્ષણ કરનાર અધિકારીને આ કામે તપાસવામાં આવેલ નથી, ત્યારે પકડાયેલ માંસ તે ગૌમાંસ જ હતુ, તેવુ શંકારહીત પુરવાર થતુ નથી અને જયારે પશુ સંરક્ષણ અધિનિયમ-૧૯૫૪ ની કલમ-૫(૧)(ક) માં વ્યાખ્યાયિત થયેલ પ્રાણીઓનુ માંસ હોવા બાબતે શંકા રેકર્ડ ઉપર આવતી હોય, ત્યારે આ કામના આરોપીઓએ કલમ-૬(બી) મુજબનો કોઇ ગુનો કરેલ હોય, તેવી હકીકત પણ સાબિત થઇ શકતી નથી અને તેથી ફરીયાદપક્ષ પકડાયેલ માંસ-મટનનો જથ્થો ગૌમાંસનો જ જથ્થો હતો, તેવી હકીકત નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. વધુમા આરોપી નં. (૨) સામેનો કેસ જોવામાં આવે તો ફરીયાદપક્ષના કેસ મુજબ તેમની પાસેથી કોઈ મુદામાલની જપ્તી થયેલ નથી, બનાવના સ્થળે તેની હાજરી સાબિત થયેલ નથી અને તેની સામે ગુનામાં મદદગારી અથવા મુદામાલ પૂરો પાડવાની હકીકતનો કોઈ સ્વતંત્ર તથા વિશ્વસનીય પુરાવો ફરિયાદપક્ષે રજૂ કરેલ નથી. તેથી આરોપી નં. (૨) વિરુદ્ધનો કેસ પણ વાજબી શંકાથી પર સાબિત થયેલ નથી.

**(૨૧)** આમ, ઉપરોક્ત તમામ સાહેદોના પુરાવામાંથી બાતમીની ખરાઈ, રેઇડની વિશ્વસનીય પ્રક્રિયા, સ્વતંત્ર સાક્ષીઓ, મુદામાલની ઓળખ તથા જાળવણી, એફ.એસ.એલ. સુધીની કડી અને મુદામાલના નાશ અંગે જરૂરી અને નિર્વિવાદ પુરાવો સ્થાપિત થતો નથી. ખાસ કરીને ફરિયાદી તથા તપાસ અધિકારી એક જ વ્યક્તિ હોવા અને અન્ય પોલીસ સાહેદોની સ્વીકૃત હકીકતોમાં પણ ઉપરોક્ત ખામીઓ બહાર આવવાના કારણે ફરિયાદપક્ષનો કેસ માત્ર પોલીસ સાહેદોના

પુરાવાના આધારે શંકાથી પર સાબિત થયો હોવાનું કહી શકાય નહીં. આથી, ફરિયાદપક્ષ આરોપીઓ વિરુદ્ધના આરોપોની આવશ્યક કડીઓ નિર્વિવાદ રીતે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. પુરાવામાં રહેલી વાજબી શંકાનો લાભ આરોપીઓને મળવાપાત્ર રહે છે અને તેથી આરોપીઓને શંકાનો લાભ આપીને છોડી મુકવા હુકમ કરવો જણાતો હોય, મુદા નં. (૧) નો નિર્ણય **નકારમાં** આપી, મુદા નં. (૨) પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) આ કામના આરોપી નં. (૧) આયશાબેન વા/ઓ જુમાભાઇ ઈસ્માઈલભાઈ સીપીયા તથા આરોપી નં. (૨) મુસ્તાક ઉર્ફે સીદીકભાઇ અલ્લારખાભાઈ ચૌહાણને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ઈ. પી. કોડની કલમ–૪૨૯, ૨૯૫, ૧૧૪ તથા પશુ સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪ (સુધારા અધિનિયમ–૨૦૧૭) ની કલમ–૫ (૧), ૬ (ખ) (૧), ૮(૧), ૮(૨), ૮(૪) તથા પશુ ઘાતકીકરણ–૧૯૬૦ ની કલમ–૧૧(એલ)(૧) તથા ધી પ્રાણી ક્રુરતા નિવારણ (કતલખાના) નિયમો–૨૦૦૧ નો નિયમ–૩ તથા જી. પી. એકટની કલમ–૧૧૯ ના ગુનામાંથી શંકાનો લાભ આપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામના દરેક આરોપીએ અપીલ પીરીયડના રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આ કામે કબજે કરવામા આવેલ મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

આ ચુકાદો આજરોજ તારીખ :૩૧મી , માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૩૧/૦૮/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(દિવ્યેશ વિપિનચંદ્ર શાહ)**
સેશન્સ જજ
ગીર સોમનાથ, વેરાવળ
કોડ નં. જીજે૦૦૫૯૫